Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

श्री

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું :: અંક ૧૦ મો

श्री जैनधर्म प्रसारक सभा

વીર સંવત ૨૪૭૦ ❋ વિક્રમ સંવત ૨૦૦૦

શ્રાવણ

પ્રગટકર્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

બહારગામ માટે બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૦ મું } શ્રાવણ { વીર સં. ૨૪૭૦
અંક ૧૦ મો. } { વિક્રમ સં. ૨૦૦૦

## अनुक्रमणिका

૧. શ્રી સુપાર્શ્વજિન સ્તવન ... ... ( મુનિ શ્રી રુચકવિજયજી ) ૨૮૯
૨. પર્વાધિરાજ પર્યુષણપર્વ ... ... ( મગનલાલ મોતીચંદ શાહ ) ૨૯૦
૩. નમસ્કાર હોવે તુમકો ... ... ... ( રાજમલ ભંડારી ) ૨૯૦
૪. શ્રી પાર્શ્વજિન સ્તવન ... ... ( હીરાચંદ ઝવેરચંદ શાહ ) ૨૯૨
૫. શ્રી પ્રશ્નસિંધુ : ૯ ... ... ( આ. શ્રી વિજયપદ્મસૂરિ ) ૨૯૩
૬. વીરવિલાસ : ૧૮ ... ... ... ... ( મૌક્તિક ) ૨૯૮
૭. તપ ... ... ... ... ... ... ( કુંવરજી ) ૩૦૨
૮. મારી યાત્રા ... ... ... ... ... ( કુંવરજી ) ૩૦૩
૯. પ્રશ્નોત્તર ... ( પ્રશ્નકાર–શાહ માણેકચંદ નાગરચંદ રંઘોળાવાળા ) ૩૦૪
૧૦. વંચક મનુષ્ય પોતાને જ ઠગે છે ... ... ... ( કુંવરજી ) ૩૦૭
૧૧. શ્રી આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન : ૪ ...
( ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) ૩૦૮
૧૨. પ્રભાવિક પુરુષો : પૂર્વધર ત્રિપુટી : ૨ ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૩૧૧
૧૩. વ્યવહાર કૌશલ્ય : ૧૩–૧૪ ... ... ... ... ( મૌક્તિક ) ૩૧૫
૧૪. સુવર્ણ ... ... ... ... ( રાજપાળ મગનલાલ વહોરા ) ૩૧૭
૧૫. દેવદર્શનનો મહિમા ... ... ( મુનિ શ્રી વિદ્યાનંદવિજયજી ) ૩૧૯

### નવા સભાસદો.

૧. શાહ સવાઇલાલ કેશવલાલ ભાવનગર લાઇફ મેમ્બર.
૨. શાંતિલાલ ગંભીરદાસ મહેતા ભાવનગર વાર્ષિક મેમ્બર.
૩. શા. શાંતિલાલ જગજીવનદાસ ભાવનગર વાર્ષિક મેમ્બર.

શ્રી અજિતપ્રભસૂરિવિરચિત

**શ્રી શાંતિનાથચરિત્ર ( પદ્યબદ્ધ )**

ઊંચા લેઝરપેપર ઉપર પ્રતાકારે આ ચરિત્ર ઘણું જ રસિક અને વ્યાખ્યાનમાં વાંચવા યોગ્ય છે. શ્રી શાંતિનાથજીના પૂર્વ ભવો અને અંતર્ગત આવતી પ્રાસંગિક કથાઓ બોધક ને રોચક છે. એકત્રીશ ફોર્મની આ પ્રતની કિંમત રૂા. પોણાત્રણ, પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું | શ્રાવણ | વીર સં. ૨૪૭૦
અંક ૧૦ મો | | વિ. સં. ૨૦૦૦

## શ્રી સુપાર્શ્વજિન સ્તવનમ્

( અવર કહે પૂજાદિક ઠામ–એ દેશી )

નિર્મલ દર્શન શ્રી જિનવરનું, ભાખે તું સુપાર્શ્વ જિણંદા;
અંતરમુહૂર્ત ફરસન તેહનું, પામે તે સમકિતી મુણીંદા. ૧

નાણ ચરણ સુવિધિએ સાધે, ઘાતી અઘાતી તે દૂર હઠાવે;
જ્ઞાનાદિક અનંત તે પામે, સહજ સ્વરૂપે આતમ ખેલે. ૨

નાથ ! નિરંજન ! તાહરું દર્શન, વરબોધિ એમ મુનિજન બોલે;
સ્વામી સુનજરે સેવક આવે, કર્મ નિર્જરે મુક્તિ પામે. ૩

દર્શન વિણ નહિ મુક્તિ સુઠામ, દર્શનથી છે સિદ્ધિ સુજાણ;
નાણ–ચરણ દર્શન વિણ મિથ્યા, દર્શન ભળતાં સમ્યગ્ ભાખ્યા. ૪

દ્રવ્ય ચરણ વિણ આતમ સીઝે, દર્શન વિણ નહિ કોઈ સીઝે;
ભવ્યતણા દ્રવ્ય ચરણ તે કારણ, ભાવચરણના હોય જો દર્શન. ૫

નાથ સુપાર્શ્વ ગુણમણિ ખાણી, દર્શન મહિમા ગુરુમુખ જાણી;
સ્તવનાએ રસના લલચાણી, રુચક વદે સુભાગ્ય નિશાની. ૬

મુનિશ્રી રુચકવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પર્વાધિરાજ–પર્યુષણપર્વ

રાગ–ભીમપલાસ હીંચ

( મારા તે બાગમાં વાવ્યો કેલરિયો–એ ઢબ )

વર્ણવું દિન રૂડા પર્વાધિરાજના ( ૨ )
સાધક જીવોના એ સાધન મનન......વર્ણવું૦
તપ, જપ, વ્રતથી આત્માને તારવા, ભવિ જીવાત્માઓ કરતા મંથન. વ૦
આધિ, વ્યાધિ, ઉપાધિમાં ઝૂરતા, શાંતિ–દિનનાં એ કરતાં સ્મરણ. વ૦
દેવ, ગુરુ ને ધર્મની આસ્થા, વધારવાનાં એ રૂડાં રટણ. વર્ણવું૦
જિનેશ્વર દેવની વાણીને ઝીલવા, વીર સંતાનોનાં ખીલે વદન. વ૦
ઝેર, વેર આદિ કષાયોને ટાળવા, મુમુક્ષુ જીવો કરે છે મનન. વ૦
'अहं ममेति' વિભાવને વિદારવા, સ્વભાવથી કરવા દિલનાં દમન. વ૦
વર્ષાઋતુમાં જેમ વર્ષાની હેલી, દ્વાદશાંગી રેલીનું પાઠન પઠન. વ૦
શ્રુતજ્ઞાનની થાય પૂર્ણ પ્રભાવના, દ્રવ્યશ્રુત ભાવશ્રુત નિદિધ્યાસન. વ૦
બાળો ખુશી થાય પારિતોષિકથી, સ્ત્રીઓનાં મનનાં એ રૂડાં દર્શન. વ૦
સજ્જન નર નારીઓ શોભાવે સ્વાંગને, તપસ્વીઓ કરે અંગનાં શોષન.
ઉપાસ્ય માટે ઉપાસના કરતાં, હળુકર્મી જીવનાં એ આછાં અધ્યયન. વ.
સમિતિ ગુપ્તિના પાલક જીવોના, સ્વભાવ ભાવનાં સાચાં સ્તવન. વ૦
દયા ધર્મના પૂર્ણાનુરાગીઓ, દાન શિયળના કરતાં પાલન. વ૦
ત્રિકરણ યોગે ક્ષમાપના કરીને, હૃદયશુદ્ધિ કરવાનાં કથન. વ૦
શાશ્વત સુખની આરાધના કરીને, આરાધકો પામ્યા મુક્તિ–સદન. વ૦
પર્વાધિરાજનો મહિમા વખાણ્યો, કહેતાં કહેતાં ચાલ્યું જાયે જીવન. વ૦

મગનલાલ મોતીચંદ શાહ–વઢવાણકેમ્પ

---

## नमस्कार होवे तुमको ।

तीन भुवन के विघ्न विनाशक, नमस्कार होवे तुमको ।
क्षितितल के भूषण भगवान, नमस्कार होवे तुमको ॥ १ ॥
परम्परमेश्वर जग के नायक, नमस्कार होवे तुमको ।
भवोदधिशोषण नाथ तुम्ही हो, नमस्कार होवे तुमको ॥ २ ॥
जग के सर्वाधार जिनेश्वर, नमस्कार होवे तुमको ।
पतितपावन करुणासागर, नमस्कार होवे तुमको ॥ ३ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

विश्व उपाधि सर्व निवारक, नमस्कार होवे तुमको ।
रागद्वेष के मूलोच्छेदक, नमस्कार होवे तुमको ॥ ४ ॥
जगमें उत्तम मार्गप्ररूपक, नमस्कार होवे तुमको ।
हिंसाचक्रविदारक हो तुम, नमस्कार होवे तुमको ॥ ५ ॥
अहिंसा का साम्राज्यविस्तारक, नमस्कार होवे तुमको ।
यज्ञयाग के विध्वंसकारक, नमस्कार होवे तुमको ॥ ६ ॥
वेदोंके सत्य अर्थप्रकाशक, नमस्कार होवे तुमको ।
घनघोर तिमिर अज्ञानविदारक, नमस्कार होवे तुमको ॥ ७ ॥
सिद्धारथ के नंदन प्यारे! नमस्कार होवे तुमको ।
त्रिशला के नयनों के तारे! नमस्कार होवे तुमको ॥ ८ ॥
नंदिवर्धन भ्रात दुलारे! नमस्कार होवे तुमको ।
जय जय जय वर्द्धमान वीरवर! नमस्कार होवे तुमको ॥ ९ ॥
चर्ण अंगूठे मेरु कंपावक, नमस्कार होवे तुमको ।
ईन्द्रों की शंका के निवारक, नमस्कार होवे तुमको ॥ १० ॥
ईंद्रभूति आदि प्रतिबोधक, नमस्कार होवे तुमको ।
चंदनवाला के उद्धारक, नमस्कार होवे तुमको ॥ ११ ॥
अर्जुनमाली जैसे के तारक, नमस्कार होवे तुमको ।
चंडकोषिया के उपदेशक, नमस्कार होवे तुमको ॥ १२ ॥
जग को शासनरसिक कारक, नमस्कार होवे तुमको ।
जगमें शान्तिके संस्थापक, नमस्कार होवे तुमको ॥ १३ ॥
हिंसावृत्ति पशुओं की निवारक, नमस्कार होवे तुमको ।
जनताके वैर विरोध विनाशक, नमस्कार होवे तुमको ॥ १४ ॥
महान् तपस्वी समताधारक, नमस्कार होवे तुमको ।
'क्षमा वीरस्य भूषणं' प्रचारक, नमस्कार होवे तुमको ॥ १५ ॥
आतमलक्ष्मीके विस्तारक, नमस्कार होवे तुमको ।
आतमलक्ष्मी जगके विकाशक, नमस्कार होवे तुमको ॥ १६ ॥
भवभयभंजक भवोदधितारक, नमस्कार होवे तुमको ।
'राज' राजेश्वर जगतोद्धारक, नमस्कार होवे तुमको ॥ १७ ॥

राजमल भंडारी–आगर (माळवा)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પાર્શ્વજિન સ્તવન

તાર હો તાર પ્રભુ ! મુજ સેવક ભણી, જગતમાં એટલું સુજસ લીજે–એ રાગ

તાર હો તાર પ્રભુ ! પાપથી ઉદ્ધરી, જ્ઞાન દર્શન વિભો ! મુજ આપો;
જગતમાં આથડ્યો રડવડ્યો બહુ ભવે, કર્મ સંકલેશતા મુજ કાપો.
તાર હો તાર પ્રભુ ! પાપથી૦ ૧

વંદન પ્રભુ કરું આપ મહાભાગીને, વસ્તુની સ્થિતિ સવિ આપ જાણો;
દેવથી પૂજિત સર્વજ્ઞ સ્વામી તમે, જગત ઉદ્ધારક સર્વ જાણો.
તાર હો તાર પ્રભુ૦ ૨

રોગ ને શોકથી અલગ રાખો પ્રભુ, રાગ ને દ્વેષ અરિ નિત્ય વારો;
ભવસાગર મહીં ડૂબતા દાસને, હાથ ઝાલી પ્રભુ ! આપ તારો.
તાર હો તાર પ્રભુ૦ ૩

નર્ક નિગોદમાં, જંગમ પશુપણે, ઉપની પાપનો ભાર તાણ્યો;
દેવ તિર્યંચ ને મનુજપણું પામીને, કર્મના મર્મનો અંત નાણ્યો.
તાર હો તાર પ્રભુ૦ ૪

અચિંત્ય ચિંતામણિ રત્ન સમ સાહિબા ! પુન્ય ભંડાર પ્રભુ ! પાર્શ્વસ્વામી !
તારજો બાપજી પ્રવહણ સમ પ્રભુ !, ભવસમુદ્રથી તાર સ્વામી !
તાર હો તાર પ્રભુ૦ ૫

સપ્ત ભય ટાળીને સત્ય સુખ આપજો, સચ્ચિદાનંદ પ્રભુ ! પાર્શ્વસ્વામી !
જ્યોતિ સ્વરૂપ છો અલખ નિરંજન, સકળ જગ જંતુ વિશરામ સ્વામી !
તાર હો તાર પ્રભુ૦ ૬

પરમ પદારથ પરમેષ્ઠી પરમાતમા ! શાંત સુધારસે નિત્ય ઝીલો;
શાંતિ સુખ આપજો, ભીડભંજન પ્રભુ ! આપજો સાહિબા ! મોક્ષ ચીલો.
તાર હો તાર પ્રભુ૦ ૭

દરિસણ વિણ પ્રભુ ! કાળ બહુ નિર્ગમ્યો, હાથ આવ્યા જિન ! ઈહ ભવમાં;
ધ્યાન ધ્યાવું સદા શુકલ ભાવે રહી, આત્મ કલ્યાણ બને આ જ ભવમાં.
તાર હો તાર પ્રભુ૦ ૮

સુફળ નૈવેદ્યનો થાળ ભરી આગળે, પૂજના ચંદને નિત્ય કરશું;
દુઃખ દારિદ્રને ટાળવા સાહિબા ! જ્ઞાન ચારિત્રને નિત્ય વરશું.
તાર હો તાર પ્રભુ૦ ૯

ચર્મ નયને કરી મારગ દેખતાં, નિત્ય ભૂલ્યો પ્રભુ આત્મભાન;
કેસરી હોઇ હું અજ–કુળે નાશિયો, દિપચે રાચિયો એકતાન.
તાર હો તાર પ્રભુ૦ ૧૦

શ્રી પાર્શ્વ જિનેશ્વર પારસ મણિ સમા, આપદા સર્વની નિત્ય ટાળો;
સેવક દાસતણી અરજી નિત્ય સાંભળો, મોહ માયા મુજ દૂર ટાળો.
તાર હો તાર પ્રભુ ! પાપથી ઉદ્ધરી, જ્ઞાન દર્શન વિભો ! મુજ આપો. ૧૧

હીરાચંદ ઝવેરચંદ શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નસિંધુ

(૯)

રચયિતાઃ—આ. શ્રી વિજયપદ્મસૂરિ

( અનુસંધાન પૃષ્ઠ ૨૬૫ )

૧૩૭. પ્રશ્ન—પ્રમાણનું લક્ષણ શું ?

ઉત્તર—સ્વ એટલે વિવક્ષિત જે પદાર્થનું સ્વરૂપ સમજવાનું છે તેનો અને તેનાથી ભિન્ન પદાર્થોનો નિર્ણય જેનાથી થાય, તે પ્રમાણ કહેવાય. આ બાબત શ્રી સિદ્ધસેન-દિવાકરજી મહારાજે પોતાના ન્યાયાવતાર નામના ગ્રંથમાં જણાવ્યું છે કે—

**प्रमाणं स्वपराभासि-ज्ञानं बाधविवर्जितम् ।**
**प्रत्यक्षं च परोक्षं च, द्विधा मेय विनिश्चयात् ॥ १ ॥**

**અર્થ**—સ્વ અને પરનું સ્વરૂપ જણાવનાર જે બાધ (દોષ) વિનાનું જ્ઞાન તે પ્રમાણ કહેવાય. તત્ત્વોનો બે રીતે નિર્ણય થતો હોવાથી તે પ્રમાણના ૧ પ્રત્યક્ષ પ્રમાણ ને ૨ પરોક્ષ પ્રમાણ એમ બે ભેદ છે. આ જ અર્થને અનુસરતું પ્રમાણનું લક્ષણ પૂજ્ય શ્રી વાદિદેવસૂરિ મહારાજે પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર નામના ગ્રંથમાં જણાવ્યું છે, તે આ પ્રમાણે—"**स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्**" પરપદાર્થોનો યથાર્થ બોધ થયો હોય તો જ સ્વપદાર્થનો યથાર્થ બોધ થાય છે ને તેથી સ્વપદના ગ્રહણથી પરપદનું ગ્રહણ આવી જ જાય, અલગ ગ્રહણ ન હોય તો ચાલે. આ અભિપ્રાયથી કોઇ પૂર્વાચાર્ય ભગવંતે પ્રમાણનું લક્ષણ આ રીતે કહ્યું છે કે—"**स्वार्थव्यवसायात्मकं प्रमाणं**" એમ પ્રમાણમીમાંસાની ટીકાના વચનથી જણાય છે તથા શ્રી હેમચંદ્રસૂરીશ્વરે પ્રમાણમીમાંસાના બીજા **સૂત્ર**માં પ્રમાણનું લક્ષણ આ રીતે જણાવ્યું છે—"**सम्यगर्थनिर्णयः प्रमाणम् ।**"—પદાર્થોનો જે યથાર્થ નિર્ણય તે પ્રમાણ કહેવાય છે. અહીં સમજવાનું એ છે કે—પદાર્થતત્ત્વનો યથાર્થ નિર્ણય જેનાથી થાય તે પ્રમાણ કહેવાય, પણ કારણમાં કાર્યનો ઉપચાર કરીને તેવો યથાર્થ નિર્ણય પણ પ્રમાણ કહી શકાય. આ જ દૃષ્ટિએ હેતુપ્રયોગને પણ અનુમાન કહેવાય, માટીને પણ સત્કાર્યવાદની અપેક્ષા લક્ષ્યમાં રાખીને ઘટ કહી શકાય. વળી અન્ય દર્શનકારોમાંના વાત્સ્યાયન નામના ઋષિએ ગૌતમસૂત્ર ભાષ્યમાં "**उपलब्धि-हेतुश्च प्रमाणं**" આ રીતે પ્રમાણનું લક્ષણ જણાવ્યું છે, ને ન્યાયસારમાં "**सम्यगनु-भवसाधनं प्रमाणं**" આ રીતે તેના કર્તાએ (ભાસર્વજ્ઞે) જણાવ્યું છે. શ્રી સિદ્ધસેન દિવાકરાદિ મહાપુરુષોએ જણાવેલા પ્રમાણના લક્ષણને નહિ સ્વીકારનાર માણિક્ય-નંદી નામના દિગંબરે પરીક્ષામુખ નામના ગ્રંથમાં "**स्वापूर्वार्थव्यवसायात्मकं ज्ञानं प्रमाणम्**" આ રીતે પ્રમાણનું લક્ષણ જણાવ્યું છે. તે પૂર્વે જણાવેલા ગ્રંથોમાં જે પ્રમાણનું લક્ષણ કહ્યું છે તેમાં '**पर**' ને સ્થાને '**अपूर्व**' શબ્દ મૂકીને તે લક્ષણ જણાવ્યું છે. બીજું શ્વેતાંબરને માન્ય સ્મરણનું પ્રમાણપણું ઉડાવી દેવા માટે જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેણે ' **अपूर्व** ' પદ મૂક્યું છે, માટે તે લક્ષણ નિર્દોષ કહી શકાય જ નહિ, કારણ કે શ્વેતાંબરો અમુક અપેક્ષાએ સ્મરણને પણ પ્રમાણ તરીકે સ્વીકારે છે. " **स्वपरव्यवसायि ज्ञानं प्रमाणं** " આ જ પ્રમાણનયતત્ત્વાલોકમાં પ્રમાણનું લક્ષણ જણાવ્યું છે. તેમાં શ્રી વાદી દેવસૂરિ મહારાજે સાંખ્ય વગેરે મતનું ખંડન કરવાના ઇરાદાથી ' **स्व** ' પદ મૂક્યું છે. સાંખ્યો જ્ઞાનને પ્રકૃતિનો ધર્મ હોવાથી અચેતન માને છે. મીમાંસકો જ્ઞાનને હંમેશા પરોક્ષ માને છે વગેરે તેમ જ જ્ઞાનાદ્વૈતવાદીના મતનું ખંડન કરવાના ઇરાદાથી '**पर**' પદ મૂક્યું છે, કારણ કે તે જ્ઞાનાદ્વૈતવાદીઓ જ્ઞાન સિવાય તમામ બાહ્ય પદાર્થોને માનતા નથી ને અજ્ઞાન, દર્શનાદિ અહીં પ્રમાણ તરીકે ન ગણાય, એ જણાવવા '**ज्ञानं**' પદ મૂક્યું છે. તથા નિર્વિકલ્પજ્ઞાન, વિપર્યય, અનધ્યવસાય, સંશય એ સર્વ અપ્રમાણ છે, એમ જણાવવા માટે ' **व्यवसायि** ' એમ કહ્યું છે. આ રીતે પ્રમાણના લક્ષણમાં જણાવેલા દરેક પદોની સફળતા જણાવી દીધી. વિશેષ બીના પ્રમાણમીમાંસાદિમાં જણાવી છે. વસ્તુતત્ત્વનો યથાર્થ બોધ કરવાના ૧ પ્રમાણ, ૨ નય, ૩ નિક્ષેપ, ૪ સપ્તભંગી–આ ચાર સાધનો છે એ યાદ રાખી ચારે પદાર્થોનો યથાર્થ બોધ થતાં જરૂર પદાર્થનું સત્ય સ્વરૂપ સમજાય છે.

૧૩૮. પ્રશ્ન—પ્રમાતા, પ્રમિતિ અને પ્રમેયનું સ્વરૂપ શું ?

ઉત્તર—પ્રમાણના આલંબનથી વસ્તુનો યથાર્થ બોધ મેળવનાર આત્મા પ્રમાતા કહેવાય, અહીં જે પ્રમાણથી યથાર્થ બોધ થાય તે પ્રમિતિ કહેવાય, જેનો યથાર્થ બોધ થાય તે પ્રમેય કહેવાય, અથવા પ્રમિતિનો વિષય તે પ્રમેય કહેવાય. કહ્યું છે કે—

" **प्रमिनुते इति प्रमाता, यथाकरोतीति कर्त्ता, प्रमाणं प्रमितिः, प्रमितेर्विषयः प्रमेयः, प्रमीयतेऽनेनेतिप्रमाण** "**मिति**

૧૩૯. પ્રશ્ન:—વિપર્યયનું સ્વરૂપ શું ?

ઉત્તર—જે વસ્તુ જે સ્વરૂપે રહી હોય, તેનાથી વિપરીતપણે વસ્તુના એક અંશનો જે નિર્ણય થાય તે વિપર્યય કહેવાય. આનું બીજું નામ અયથાર્થ જ્ઞાન કહેવાય એમ બીજાઓ માને છે. છીપમાં ' આ ચાંદી છે ' અથવા દોરડીમાં ' આ સર્પ છે ' એવું જે જ્ઞાન તે વિપર્યય કહેવાય. સાક્ષિપાઠ–આ બાબતમાં વાદિ દેવસૂરિ મહારાજે પ્રમાણનયતત્ત્વાલોકના પહેલા પરિચ્છેદના નવમા સૂત્રમાં જણાવ્યું છે કે—"**विपरीतैककोटीनिष्टङ्कनं विपर्ययः**" આ સૂત્રનો અર્થ અહીં જણાવી દીધો છે.

૧૪૦. પ્રશ્ન—અનધ્યવસાયનું લક્ષણ શું ?

ઉત્તર—' કાંઇક ' એવા વિચારવાળું જે જ્ઞાન તે અનધ્યવસાય કહેવાય. અહીં દૃષ્ટાંત એ છે કે–જેનું ચિત્ત બીજા કાર્યમાં છે એવો માણસ રસ્તે ચાલતો હોય ત્યારે તેને અચાનક ઘાસ અડી જાય ત્યારે તેને એમ વિચાર આવે કે–મને કોઇ વસ્તુનો સ્પર્શ થયો, પણ કઇ વસ્તુ અડી એની હજુ ખબર નથી. આવું જે વિચારસ્વરૂપ જ્ઞાન તે અનધ્યવસાય કહેવાય. આ વિચાર અસ્પષ્ટ જાણવો. પ્રમાણ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નયતત્ત્વાલોકાલંકારના પહેલા પરિચ્છેદના ૧૩મા સૂત્રમાં કહ્યું છે કે–" **किमित्यालोचनमात्रमनध्यवसायः ।** "

૧૪૧. પ્રશ્ન—સંશયનું સ્વરૂપ શું ?

ઉત્તર—વિવક્ષિત પદાર્થની સિદ્ધિ (નિર્ણય) જેનાથી થાય તે સાધક પ્રમાણ કહેવાય, ને 'આ કારણથી આ પદાર્થનું સ્વરૂપ આવું નથી,' આવા પ્રકારનો નિર્ણય જેનાથી થાય તે બાધક પ્રમાણ કહેવાય. આ બંને પ્રમાણ ન મળવાથી એક પદાર્થને અંગે 'આ વસ્તુ હશે કે આ વસ્તુ હશે' આ રીતે અનિશ્ચિત બે વિરોધી ધર્મનું જે જ્ઞાન થાય તે સંશય કહેવાય. દૃષ્ટાંત જેમાં ઘટાવી શકાય તે દૃષ્ટાંતના આધારરૂપ દાર્ષ્ટાન્તિક કહેવાય, ને જેનાથી દાર્ષ્ટાન્તિકનો યથાર્થ બોધ થાય તે દૃષ્ટાંત કહેવાય. કહ્યું છે કે—" **न हि दृष्टान्तं विना दार्ष्टान्तिकस्य सिद्धिर्भवितुमर्हति ।** " આથી સંશયનું યથાર્થ સ્વરૂપ સમજવા માટે દૃષ્ટાંત દેવું જોઈએ, તે દૃષ્ટાંત ટૂંકામાં આ રીતે જાણવું—એક માણસ જંગલમાં ચાલ્યો જાય છે તેણે દૂરથી પુરુષના જેવા આકારવાળો પદાર્થ જોયો, આથી તેને સંશય થયો કે—આ ઘણે દૂર જે પદાર્થ દેખાય છે તે સ્થાણુ હશે કે પુરુષ હશે ? આવા પ્રકારનો સંશય આ જંગલમાં ચાલતા પુરુષને બે કારણથી થયો છે. ૧ આવા આવા કારણોને લઈને આ ઘણે છેટે જે પદાર્થ દેખાય છે તે પુરુષ હોવો જોઇએ. આ રીતે પુરુષપણાને સાબિત કરનાર સાધક પ્રમાણ તે સંશયવાળા પુરુષની પાસે નથી. ૨ તથા **अरण्यमेतत्सविताऽस्तमागतो न चाधुना संभवतीह मानवः ।**=એટલે આ જંગલ છે, હાલ સૂર્ય આથમ્યો, આવા અવસરે પુરુષ હોય જ ક્યાંથી ? અર્થાત્–આ સાંઝના ટાઇમે પુરુષ હોય નહિ. આવું બાધક પ્રમાણ પણ તેની પાસે નથી. સાધક પ્રમાણ ન મળવાથી પુરુષની જરૂરિયાતવાળો તે જંગલમાં ચાલતો માણસ પુરુષ મેળવવા માટે પ્રવૃત્તિ કરતો નથી ને બાધક પ્રમાણ ન મળવાથી તેનો ચાલુ પ્રયત્ન બંધ પડતો નથી. આવી પરિસ્થિતિમાં તેને "આ સ્થાણુ હશે કે પુરુષ હશે ?" આવું જે જ્ઞાન થાય, તે સંશય કહેવાય. વાદી દેવસૂરિજીએ પ્રમાણનયતત્ત્વાલોકાલંકારના પહેલા પરિચ્છેદના અગિયારમા સૂત્રમાં સંશયનું લક્ષણ જણાવ્યું છે, તે આ પ્રમાણે " **साधकबाधकप्रमाणाभावादनवस्थितानेककोटिसंस्पर्शि ज्ञानं संशयः ।** " અનવસ્થિત=અનિશ્ચિત=બે વિરોધી ધર્મનું જે અનિશ્ચિત જ્ઞાન અથવા અનિશ્ચિત=જેનો નિર્ણય હાલ થયો નથી એવા બે વિરોધી ધર્મનું જે જ્ઞાન તે સંશય કહેવાય.

૧૪૨. પ્રશ્ન—સમારોપના કેટલા ભેદ કહ્યા છે ?

ઉત્તર—૧ વિપર્યય, ૨ અનધ્યવસાય, ૩ સંશય આ ત્રણ ભેદ સમારોપના જાણવા.

૧૪૩. પ્રશ્ન—લક્ષણનું સ્વરૂપ શું ?

ઉત્તર—લક્ષણ શબ્દનો વ્યુત્પત્તિદ્વારા–"**लक्ष्यतेऽनेनेति लक्षणम् ।**"=પદાર્થનો અસાધારણ ધર્મ જેનાથી જણાય તે લક્ષણ કહેવાય, આ અર્થ થાય છે. એટલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પદાર્થને જે અસાધારણ ધર્મ હોય તે તેનું લક્ષણ કહેવાય. જેમ જીવનો અસાધારણ ધર્મ ઉપયોગ છે, તેથી ઉપયોગ એ જીવનું સામાન્ય લક્ષણ જાણવું. જ્ઞાન, દર્શન, સુખ, દુઃખ, ચારિત્ર, તપ, વીર્ય, ઉપયોગ એ ધર્મો જેમાં હોય તે જીવ કહેવાય. એ જીવનું વિશેષ લક્ષણ જાણવું. કાળનું લક્ષણ '**वत्तना**' છે. કહ્યું છે કે—**वत्तणालक्खणो कालो, जीवो उवओगलक्खणो ॥ नाणेणं दंसणेणं च, सुहेणं य दुहेण य ॥ १० ॥ नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ॥ वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं ॥ ११ ॥** જે ધર્મ વિવક્ષિત પદાર્થમાં જ રહે, તે અસાધારણ ધર્મ કહેવાય. જેમ ઉપયોગ ધર્મ જીવમાં જ રહે છે, તેથી તે ઉપયોગ ધર્મ જીવનો અસાધારણ ધર્મ કહેવાય, ને જે ધર્મ વિવક્ષિત પદાર્થમાં ને તે સિવાયના બીજા પદાર્થોમાં પણ રહે તે સાધારણ ધર્મ કહેવાય. જેમ દ્રવ્યત્વ-દ્રવ્યપણું જીવમાં પણ રહે છે ને અજીવમાં પણ રહે છે, માટે તે સાધારણ ધર્મ કહેવાય. તે સાધારણ ધર્મ પદાર્થનું લક્ષણ ન કહેવાય, કારણ કે તે લક્ષ્યમાં રહેવા ઉપરાંત અલક્ષ્યમાં પણ રહે છે, તેથી લક્ષણ અતિવ્યાપ્તિ દોષવાળું કહેવાય. દોષવાળું જે હોય તે લક્ષણશુદ્ધ ન કહેવાય. આ વાતને લક્ષ્યમાં રાખીને જે પદાર્થનો અસાધારણ ધર્મ તે લક્ષણ કહેવાય એમ કહ્યું છે તે વ્યાજબી જ છે, જેમ ઉપયોગ ધર્મ એ જીવમાં રહે પણ અજીવમાં ન જ રહે, માટે તે જીવનો અસાધારણ ધર્મ કહેવાય.

**૧૪૪. પ્રશ્ન—લક્ષણમાં કયા કયા દોષો ન હોવા જોઈએ ?**

**ઉત્તર—**૧ અવ્યાપ્તિ દોષ, ૨ અતિવ્યાપ્તિ દોષ, ૩ અસંભવ દોષ. આ ત્રણ દોષો જેમાં ન હોય તે નિર્દોષ લક્ષણ કહેવાય.

**૧૪૫. પ્રશ્ન—અવ્યાપ્તિ દોષનું સ્વરૂપ શું ?**

**ઉત્તર—**લક્ષ્યના એક દેશમાં જે લક્ષણનું રહેવું તે અવ્યાપ્તિ દોષ કહેવાય. **लक्खिक्कदेशवित्ती-अव्वत्तीलक्खभिन्नवट्टित्तं ॥ अइवत्ती लक्खमेत्ता-वित्ती दोसो असंभविओ ॥ १ ॥** જે લક્ષણ સંપૂર્ણ લક્ષ્યમાં જ રહે તે શુદ્ધ લક્ષણ કહેવાય, પણ જે સંપૂર્ણ લક્ષ્યમાં ન રહે ને લક્ષ્યના અમુક ભાગમાં જ રહે તે લક્ષણ અવ્યાપ્તિ દોષવાળું કહેવાય. આ બાબતમાં દૃષ્ટાંત એ છે કે-વેદનીય કર્મનું શુદ્ધ લક્ષણ-**सुखदुःखफलदत्वं वेदनीयत्वमिति** આ છે, કારણ કે વેદનીય નામના ત્રીજા કર્મરૂપી સંપૂર્ણ લક્ષ્યમાં તે રહે છે. જે સુખરૂપ અથવા દુઃખરૂપ ફલને આપે તે વેદનીય કર્મ કહેવાય. એટલે શાતાવેદનીય કર્મના ઉદયે સુખ મળે ને અશાતાવેદનીય કર્મના ઉદયે દુઃખ મળે. અહીં વેદનીય કર્મનું "**सौख्यफलदायकत्वं, दुःखफलदायकत्वं वा वेदनीयत्वमिति**" આ લક્ષણ અવ્યાપ્તિ દોષવાળું છે, કારણ કે તે વેદનીયરૂપ સંપૂર્ણ લક્ષ્યમાં રહેતું નથી. જે સુખરૂપ ફલને આપે તે વેદનીય કર્મ કહેવાય, આ લક્ષણ અશાતાવેદનીયમાં રહેતું નથી, ને જે દુઃખરૂપ ફલ આપે તે વેદનીય કર્મ કહેવાય, આ લક્ષણ શાતાવેદનીયમાં ઘટતું નથી; ને અશાતા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેદનીયમાં ઘટે છે. આ રીતે ગાયનું "**शुक्लवर्णवत्त्वं**" તથા જીવનું '**संसारवत्त्वं**' આ લક્ષણ પણ અવ્યાપ્તિ દોષવાળું છે.

૧૪૬. પ્રશ્ન—અતિવ્યાપ્તિ દોષનું સ્વરૂપ શું ?

ઉત્તર—લક્ષ્યમાં ને અલક્ષ્યમાં જે લક્ષણનું રહેવું તે અતિવ્યાપ્તિ દોષ કહેવાય. કહ્યું છે કે-"**लक्खभिन्नवट्टित्तमइव्वत्ति दोसोत्ति**" જેમ મોહનીય કર્મનું **कर्मत्वं मोहनीयत्वमिति** એટલે જે કર્મ હોય તે મોહનીય કહેવાય. અહિં કર્મ-પણું લક્ષ્ય( મોહનીય )માં રહે છે, ને અલક્ષ્ય ( મોહનીય કર્મથી ભિન્ન જ્ઞાના-વરણીયાદિ )માં પણ રહે છે. આથી તે લક્ષણમાં અતિવ્યાપ્તિ દોષ છે. આ રીતે ગાયનું '**शृंगवत्त्वं**' અને જીવનું '**परिणामित्वं**' લક્ષણ પણ તેવું જ છે.

૧૪૭. પ્રશ્ન—અસંભવ દોષનું સ્વરૂપ શું ?

ઉત્તર—લક્ષ્યના કોઇપણ ભાગમાં જે લક્ષણનું ન રહેવું તે અસંભવ દોષ કહેવાય. કહ્યું છે કે-**लक्खमेत्ताविती असंभवोत्ति**=એટલે તમામ લક્ષ્યમાં જે લક્ષણનું ન રહેવું તે અસંભવ દોષ કહેવાય. આ દોષ જેમાં હોય તે લક્ષણ અસંભવ દોષવાળું કહેવાય. જેમ પુદ્‌ગલનું '**अवर्णादित्वम्**' એટલે જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ન હોય તે પુદ્‌ગલ કહેવાય, તમામ પુદ્‌ગલોમાં વર્ણાદિ તો હોય જ. વર્ણાદિ વિનાનું પુદ્‌ગલ દ્રવ્ય હોય જ નહિ. આ રીતે-'**अवर्णादित्वम्**' આ લક્ષણ તમામ પુદ્‌ગલરૂપ લક્ષ્યમાં રહેતું નથી માટે તે અસંભવ દોષવાળું જાણવું. એમ જીવનું '**ज्ञानादिरहितत्वं**' અને ગાયનું '**एकशृङ्गत्वम्**' અથવા '**पंचपादवत्त्वं**' આ લક્ષણો તેવા જ છે. લક્ષણની નિર્દોષતાનો નિર્ણય કરવા માટે ત્રણે દોષોનું સ્વરૂપ જરૂર જાણવું જોઇએ. આ ઇરાદાથી ત્રણે દોષોનું સ્વરૂપ ટૂંકામાં જણાવ્યું. વિસ્તારથી તે દરેકનું સ્વરૂપ બીજા ગ્રંથોમાંથી જાણવું.

૧૪૮. પ્રશ્ન—ઉપચારનું સ્વરૂપ શું ?

ઉત્તર—તદ્દન જુદા જુદા સ્વરૂપવાળા બે પદાર્થો છે. તેમાં અનેક રીતે રહેલ જુદાઇ ન ગણવી, ને અમુક અંશે સરખામણીવાળા પદાર્થના જેવો તે ( વિવક્ષિત) પદાર્થ માનવો, તે ઉપચાર કહેવાય. આ ઉપચારના અનેક ભેદો વિવિધ શાસ્ત્રોમાં દર્શાવ્યા છે. તેમાં મુખ્ય સાત પ્રકારો જાણવા જેવા છે, તે આ પ્રમાણે-૧ ધર્મમાં ધર્મીનો ઉપચાર કરાય ૨. ધર્મીમાં ધર્મનો ઉપચાર કરાય. ૩. ગુણમાં ગુણીનો ઉપચાર કરાય, ૪ ગુણીમાં ગુણનો ઉપચાર કરાય, ૫ કારણમાં કાર્યનો ઉપચાર કરાય, ૬ કાર્યમાં કારણનો ઉપચાર કરાય, ૭ આધારમાં આધેયનો ઉપચાર કરાય. આ રીતે ઉપચારના સાત ભેદો જ નથી, પણ બીજા પણ ઘણાં ભેદો છે, પરન્તુ તે વિશેષ પ્રસિદ્ધ નથી. આ રીતે એક પદાર્થમાં બીજા પદાર્થનો આરોપ કરવો ( તેને તે સ્વરૂપે માનવા. ) તે ઉપચારની અપેક્ષાએ ૧ સદ્‌ભૂત ઉપચાર અને ૨ અસદ્‌ભૂત ઉપચાર કહેવાય. આવા બે ભેદો પણ બીજા ગ્રંથોમાં જણાવ્યા છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરવિલાસ

## (૧૮)[1]

**[2]માંસાહારી માતંગી બોલે, ભાનુ પ્રશ્ન ધર્યો રે;**
**જૂઠા નર પગ ભૂમિશોધન, જળ છંટકાવ કર્યો રે.**

લગભગ સં. ૧૯૪૩ ની વાત છે. તે વખતે વ્યાપારી-સમ્રાટ્ શેઠ પ્રેમચંદ રાયચંદ ભાવનગર આવ્યા હતા ત્યારે તેમના માનમાં ધાર્મિક અભ્યાસીઓને ઇનામ આપવાનો મેળાવડો મુ૦ કુંવરજીભાઇના પ્રમુખપણા નીચે મુખ્ય મંદિરની બહારના ઉપાશ્રયની મેડી ઉપર થયો હતો. મારી યાદ પ્રમાણે તે વખતે મારી સાત વર્ષની વયે મને એક નાનકડું ઇનામ વિદ્યાર્થી તરીકે મળ્યું હતું. તે પ્રસંગે શ્રી જૈ. ધ. પ્ર. સભાના મંત્રીવર્ય અમરચંદ ઘેલાભાઇએ ભાષણ કરતાં ઉપરના પદ્યનો અર્થ કરી આખી સભાને આશ્ચર્યમાં નાખી દીધી હતી અને શેઠસોદાગરે ભાવનગર શહેરના બુદ્ધિવિલાસ પર મુગ્ધ થઇ તેને અંગે ખૂબ સંતોષ જાહેર કર્યો હતો. એ યુગ એ હતો કે જે વખતે બાળાવબોધ વાંચનાર સાધુ પણ વિદ્વાન્ ગણાતા હતા. આવા યુગમાં ધર્મનો 'પ્રકાશ' કરનાર પ્રશંસા પામે તેમાં નવાઇ નહોતી. તે વખતે આ પદ્યની અસર રહી ગયેલી, તે અનુસાર આજે તેના પર નોંધ લખવાની લાલચ કરું છું. આ પદ અતિશય ભાવથી ભરપૂર છે અને તેને અંગે તે વખતે સાંભળેલી અને ત્યારપછી જમાવેલી વાતો સાથે સંબંધ હોઇ આ દરરોજના વ્યવહારને ઉપયોગી વાક્ય પર વિચાર કરવાની તક હાથ ધરવામાં આવી છે.

ગાથાનો સીધો અર્થ આ પ્રમાણે છે—જૂઠું બોલનારા મનુષ્યની અપવિત્રતા બતાવવા માટે એક દાખલો આપે છે. માંસનો આહાર કરનારી એક માતંગી( ચંડાળણી )ને જમીન પર બેસવા માટે પાણીનો છંટકાવ કરતી જોઇને કોઈ **ભાનુ** નામના પંડિતે પૂછ્યું કે-તું જાતે ઢેઢડી છે ને માંસાહાર કરવો છે, તો પછી જમીન પર પાણી શા માટે છાંટે છે? તેના જવાબમાં માતંગી કહે છે કે-આ જગ્યા ઉપરથી જૂઠાબોલા મનુષ્યો પસાર થયેલા છે, તેનાથી અપવિત્ર થયેલી ભૂમિને શોધવા માટે-પવિત્ર કરવા માટે હું પાણીનો છંટકાવ કરું છું.

આ વાતમાં બહુ ખૂબી છે, ઊંડી સમજણ છે, સંસારના મોટા કોયડાની સમસ્યા છે અને તેનું રહસ્ય સમજવા યોગ્ય છે. એક યુગમાં એવી માન્યતા હતી અને અત્યારે મદ્રાસ તરફ કોઇ કોઇ સ્થાને નંબુદ્રી બ્રાહ્મણમાં તે ચાલુ છે કે ઢેઢ, ભંગી કે એવા હલકા ધંધાવાળાનો પડછાયો પડે તો પણ સ્નાન કરવું પડે. અસ્પર્શ્યના પ્રશ્નને જૈન ધર્મમાં સ્થાન નથી. જેમાં મેતાર્ય, હરિકેશી કે હરિબળ જેવા મોક્ષ સાધી શકે ત્યાં અમુક કુળ કે જાતિમાં જન્મનારને મોક્ષે જવાનો અધિકાર ઊડી જાય એ વાત અકલ્પ્ય છે અને આવા આત્મવાદ અને વિકાસક્રમમાં બંધ ન બેસે તેવી હકીકત છે. હિંદુની સાથે દેખાદેખી

---

૧. 'વીરવિલાસ'ના મથાળા નીચે લખાતા લેખની આ સંખ્યા છે. લેખ સ્વતઃ સંપૂર્ણ હોઇ આગલા લેખના અનુસંધાન વગર વાંચી શકાય તેવી આ લેખમાળાની યોજના છે.

૨. પં. વીરવિજયજીની બાર વ્રતની પૂજા પૈકી બીજા વ્રતમાં ત્રીજી વાસપૂજાની ચોથી ગાથા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સંવ્યવહારને અંગે કેટલીક ગેરસમજુતી આપણામાં પણ મધ્ય કાળમાં થયેલી જણાય છે, પણ તે આખા જૈન વિકાસક્રમને અણછાજતી છે અને ખુદ મહાવીર ભગવાનના ચરિત્રને ફેરવી નાખે તેવી છે. એ અતિ રસિક ઐતિહાસિક પ્રશ્નને અન્ય સ્થળે ચર્ચવાનું રાખી ઢેઢ, ચમાર વગેરેને તુચ્છ જાતિના અને નીચ ગોત્રવાળા કહેવામાં આવ્યા છે તેટલી વાત સ્વીકારી આગળ વધીએ.

આવા વર્ગવાળી એક માતંગી પોતાના હાથમાં મનુષ્યની ખોપરી અને તેમાં માંસ રાખી એક જગ્યા પર ખાવા આવે અને ત્યાં જમીન પર બેસવા પહેલાં જમીન પર પાણી છાંટી, એને પવિત્ર કરવા લાગે ત્યારે એના પડછાયાથી પણ અભડાનાર નંબુદ્રી બ્રાહ્મણનો પિત્તો ઉછળ્યા વગર કેમ રહે? એ પૂછે છે—બાઇ! તું જાતની ઢેઢડી છે, હાથમાં મનુષ્યની ખોપરી ધારણ કરેલી છે, તું માંસ ખાવા માટે આ સ્થાને આવેલ છો! હવે તારામાં—તારી અપવિત્રતામાં શું બાકી છે કે આ જમીન પર જળ—છંટકાવ કરીને તેને તું પવિત્ર બનાવવા માગે છે? તારી જાત, તારો ધંધો, તારો ખોરાક, તારું વાતાવરણ અને તારો દેહ અપવિત્રતાના નમૂના છે! હવે તેમાં વળી આ જળછંટકાવ શેનો કરી રહી છે? કઇ જાતની તારી આ સાફાઇ છે? અપવિત્રતાની પરાકાષ્ઠાએ પહોંચેલી તું આ શેનું ધાંધલ મચાવી રહી છે?

જવાબમાં માતંગી કહે છે કે—આ રસ્તા પર જૂઠું બોલનારા અનેક માણસો પસાર થઇ ગયેલા છે કે જે મારા કરતાં પણ વધારે અપવિત્ર ગણવા લાયક છે. અન્ય સ્થાનોની પેઠે તેમણે આ સ્થાનને પણ અપવિત્ર બનાવેલું છે. માણસો જ્યાં જ્યાંથી પસાર થાય ત્યાં ત્યાં પોતાનાં પગલાં મૂકી જાય છે, માણસ જાય ત્યાં પણ તેની અસર જરૂર પડી રહે છે, વાતાવરણમાં એની અસર લાંબા કાળ સુધી રહે છે, હું જાતિથી ચંડાળ છું તેના કરતાં એ જૂઠાંબોલાં માણસો વધારે ખરાબ છે. જાતિચંડાળ કરતાં કર્મચંડાળની અસર આકરી, ઊંડી અને દીર્ઘકાળ સુધી રહે તેવી હોય છે. એવા પ્રાણીઓએ આ ભૂમિને અપવિત્ર કરેલી છે. તેમણે કરેલી અપવિત્રતાને સાફ કરવા હું જળનો છંટકાવ કરું છું.

જવાબ સાંભળીને ભાનુ પંડિત છક થઇ ગયા. તેને માતંગીના જવાબમાં વાસ્તવિકતા લાગી. જાતે વિચાર કરતા તેથી તેને વિચારણાને પરિણામે સમજાયું કે હલકા કુળમાં જન્મવું એ ગુન્હો નથી કેમકે એ પોતાના કબજાની વાત નથી, પણ અમુક વાત ખોટી છે એમ જાણ્યા છતાં એને બહલાવી એને નિભાવી લેવા હારબંધ અનેક જૂઠાણાં બોલવાં એ તો ભારે ખેદની વાત છે. એવા જૂઠું બોલનારા માણસો સ્વાર્થાંધ હોય છે, અતિ હલકા માનસવાળા હોય છે, ચારિત્રહીન હોય છે, જવાબદારીના ખ્યાલ વગરના હોય છે, વિકાસક્રમના જ્ઞાનથી બેનસીબ રહેલા હોય છે, ટૂંકી નજરવાળા હોય છે, સત્ય જાહેરમાં આવશે ત્યારે પોતાની શી વલે થશે તેના જેવી અગત્યની બાબતમાં વિચારણા વગરના હોય છે અને એક જૂઠી વાત કરવાથી પોતાનો આત્મવિકાસ—માર્ગ કેટલો ખરાબ થાય છે તેની તુલના કરવાની અશક્તિવાળા અથવા તે માટે દરકાર વગરના હોય છે. એને મનમાં ખાતરી થાય કે વાસ્તવિક વિચાર કરવામાં આવે તો જન્મચંડાળ કરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૂઠું બોલનાર વધારે આકરો અને મોટો ચંડાળ છે, ( સ્વપરને ) ભયંકર પાપી છે, અનેક યાતનાને ભાજન થવા યોગ્ય અજ્ઞાની છે, અવિચારક છે, નીચ છે, અધમ છે, પાપી છે, આત્મવૈરી છે અને અનંત ભવભ્રમણ કરનાર ક્ષુદ્ર ભવાભિનંદી પ્રાણી છે.

સાચું બોલનારને કાંઇ સંભાળવું પડતું નથી, સાદી સીધી સરળ વાત કરી નાખવાની અને બોલીને વાત વિસારી મૂકવાની હોય છે; જ્યારે જૂઠું બોલનારને બોલતી વખતે વાત ગોઠવવી પડે છે, બોલેલ વાતને સાચી કરવા અનેક પાટિયાં ગોઠવવાં પડે છે, ત્યાર પછીના કોઇ પણ સવાલ જવાબમાં પોતાને પકડાઇ જવાની ચિંતા રહે છે, અગત્યની બાબતમાં પોતાની ઉપર કામ ચાલવાનો ભય રહે છે, પકડાઇ જતાં કે સજા થતાં બેઆબરુ થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, ત્યારે સીધું સાચું બોલનારને આમાંની કોઇ બાબત કરવાની રહેતી નથી, વાતને સાચી કરવાનો પ્રયત્ન, દેખાવ, ઢોંગ કે દંભ કરવો પડતો નથી અને બોલ્યા પછી પોતે લીધેલ સ્થાન કાયમ કરવા માટે પસ્તાવો કરવો પડતો નથી. એક જૂઠું બોલવા માટે તેની આગળ અને પાછળ કેટલી ગોઠવણો કરવી પડે છે, કેટલાં પાટિયાં ગોઠવવાં પડે છે અને છતાં ઉઘાડા પડી જવાના કેટલા ભયો રહે છે તેનો વિચાર કરવામાં આવે તો માતંગી કરતાં પણ જૂઠું બોલનાર વધારે નીચ છે એ વાતનો સાક્ષાત્કાર થઇ આવે તેમ છે. શારીરિક સંબંધે અથવા જન્મે નીચ કે હલકા કુળમાં જન્મ લેવો એ એક વાત છે અને મનમાં ગોઠવણો કરી ઇરાદાપૂર્વક અસત્ય બોલવું અને તેને સાચું કરવા આગ્રહ રાખી તેને અંગે હારબંધ ખોટા પ્રસંગો ઊભા કરવા એ તદ્દન જુદી વાત છે. પ્રથમ વાતમાં જીવ બીલકુલ પરાધીન છે, જ્યારે વર્તન, સ્વચ્છતા, ચારિત્ર, પરિશીલન અને ભાષાની વિશુદ્ધિ વિગેરે પોતાના કબજાની વાત છે અને સ્વાધીન બાબત હોઇ ચીવટ રાખવાથી સાચે માર્ગે ઉતારી શકાય તેવી છે.

અસત્ય અનેક પ્રકારે બોલાય છે. ખરી રીતે તો કોઇપણ પ્રકારનું અસત્ય બોલવું તે જૈન નામને છાજતું નથી, પરન્તુ જો સર્વથા પ્રકારે અસત્ય બોલવાનું તજી ન શકે તો ખાસ કરીને નીચેની પાંચ બાબતોમાં તો જૈન તરીકે ઓળખાતા મનુષ્યે અસત્ય ન જ બોલવું જોઇએ. આ ઉપરથી બીજા અસત્ય બોલવાની છૂટ છે તેમ ન સમજવું. જે દેશવિરતિ મનુષ્યને આગળ વધવું છે, સર્વવિરતિપણું પ્રાપ્ત કરવું છે તેણે તો જેમ બને તેમ આ બાબતમાં વધારે સાવધાન રહેવું.

કોઇ કન્યાના વેશવાળ વખતે તેને તદ્દન કાળી, કજીઆળી, તોફાની, અભણ અને કદરૂપી હોય છતાં તમારે ઘેર આવશે ત્યારે દૂધ ઘી ખાઇ ઘરને શોભાવશે એમ કહેવું, એના માબાપ તિતાલી કજીઆળા અને ગામના ઉતાર હોય છતાં અસલ ખાનદાનમાંથી ઊતરી આવેલા છે એમ કહેવું, તદ્દન અભણ હોય છતાં તમારે ઘેર આવી ભણીને પાવરધી થઇ ઘરકામ ઉપાડી લેશે અને કુટુંબનું રંજન કરશે-આવાં જુઠાણાંને (૧) કન્યાલિક કહેવામાં આવે છે.

જે ગાય વિશેષ દૂધ ન આપતી હોય, જેના દૂધમાં મીઠાશ ન હોય, સામાને ધીકે ચડાવતી હોય તે ગાયને પ્રશંસવી, તેમજ તોફાની અડીયલ ઘોડાને શિવાજીના સફેત ઘોડા સાથે સરખાવવો, શેરબશેર દૂધ આપનાર ભેંસને બાખડી ભેંસ કહી વર્ણવવી-આવા જનાવર સંબંધી અસત્યોને ( ૨ ) ગોઅલિક કહેવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જમીનના સંબંધમાં ખોટી કે આડે રસ્તે દોરનારી વાત કરવી, ખરાબાવાળી જમીનને સારી–ફળદ્રૂપ કહેવી, ઉખર જમીનને સુંદર કહેવી અને રસકસ વિનાની જમીનને રસવાળી કહેવી ઇત્યાદિ જમીનને અંગે ભળતી સાચી ખોટી મિશ્ર વાત કરવી તે ( ૩ ) ભૂમ્યલિક કહેવાય છે.

વિશ્વાસ રાખીને કોઇ પોતાને ત્યાં ઘરેણું કે રોકડ અથવા કિંમતી વસ્તુ મૂકી જાય, દાખલો રાખવાની દરકાર પણ ન કરે તેને જ્યારે લેવા આવે ત્યારે થાપણ મૂકી જ નથી એમ કહેવું, વિશ્વાસઘાતનાં વચન બોલવાં તે ( ૪ ) થાપણમોસો કહેવાય છે. અહીં માત્ર વાણી પૂરતી જ વાત સમજવાની છે, બાકી પારકી થાપણ પચાવી પાડવી તે બાબત અદત્તાદાનના વિષયને સ્પર્શે છે.

સોગન ઉપર ન્યાયની કોર્ટમાં ખોટી સાક્ષી પૂરવી, સાચી વાત કહેતાં સંકોચ ધરવો, ખોટું સોગનનામું ( એફિડેવિટ ) કરવું, મુખ્ય તપાસણીમાં એક વાત કહેવી અને ઊલટ તપાસણીમાં બીજી જ વાત કરવી, અરધી સાચી અને અરધી ભળતી વાત કરવી, સત્યના ભોગે એક પક્ષને મદદ કરે ને બીજાને હાનિ કરે તેવાં સ્ટેટમેન્ટ પોલિસ પાસે, ન્યાયાસન પાસે, લવાદ પાસે કે મહાજનના સાજનામાં કરવાં એ ( ૫ ) કૂડ સાક્ષી કહેવાય છે.

સાચો જૈન હોય તે ઓછામાં ઓછું આ પાંચ પ્રકારનાં મોટાં જુઠાણાં પૈકી એક પણ જુઠાણું ન બોલે, બોલે તો એનું જૈનત્વ લાજે, એની ગણના માંસાહારી માતંગીથી વધારે ખરાબ થાય અને એની સંસારયાત્રા વિરૂપ, દુઃખદ અને કલેશવાળી થઇ જાય.

અને તેટલા માટે અષ્ટ પ્રવચન માતામાં 'ભાષાસમિતિ' અને 'વચનગુપ્તિ' બેને સ્થાન છે. વચનગુપ્તિમાં તો બીલકુલ વચન બોલવું જ નહિ એવી વાત છે. 'મૌનં સર્વાર્થ-સાધનં' નું સૂત્ર વચનગુપ્તિવાળાને માટે છે, જ્યારે ભાષાસમિતિમાં તો સત્ય પ્રિય હિત મિત તથ્ય ભાષા બોલે, સાચું બોલે, સંપૂર્ણ સાચું બોલે અને બોલે ત્યારે સાચા સિવાય અન્ય કાંઈ ન બોલે. આ નિર્ભેળ સત્યનો મહિમા સ્પષ્ટ કરવા માટે અત્ર જણાવ્યું છે કે ચાર વર્ણમાં માનનાર જે નજરે ઢેઢ ભંગીને જુએ, મહાન અહિંસક જે નજરે માંસાહારી-ને જુએ, નસીબદાર ધનવાન જે નજરે કચરો સાફ કરનાર, મેલું ઉપાડનાર ભંગીને જુએ, તેમાંનાં કોઇથી પણ વધારે ખરાબ જૂઠું બોલનાર છે, એના ચાલવાથી પૃથ્વી અપવિત્ર થાય છે, એના પગલાથી ભૂમિ ખરડાય છે, એ બેઠેલ હોય કે ચાલેલ હોય તે જગ્યા ખોદાવવી પડે, સુધારવી પડે, છાંટણાં કરીને કે લીંપીગુંપીને સાફ કરવી પડે. માંસાહારી માતંગી જેના હાથમાં મનુષ્યની ખોપરીમાં માંસ હતું તે ખાવા બેસવાની જગ્યા ઉપર જળ છંટકાવ કરી રહી હતી તેની પાસેથી જૂઠા માણસોનો મહિમા સાંભળીને ભાનુ પંડિત તો ચકિત થયા, માતંગીની બુદ્ધિ પર મુગ્ધ થયા અને પોતાને ઉચ્ચ માન-નાર કાવાદાવા કરનાર મુત્સદી કે હજારો સાચાં ખોટાં કરી ધનના માલેક થઇ પડેલા માંધાતાઓની જાત પર વિચારમાં પડી ગયા અને માતંગીના વાસ્તવિક વાદ પર આફરીન થયા.

મૌક્તિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તપ

જૈન શાસનમાં તપને ખાસ સ્થાન આપેલું છે. આટલા જ માટે દશવૈકાલિક સૂત્રના પ્રથમ અધ્યયનના પ્રારંભમાં " **धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।** " એ વાક્યમાં તપનો સમાવેશ કર્યો છે. વ્રતધારીને જેમ બે ટંક આવશ્યક ( પ્રતિક્રમણ ) કરવાની આવશ્યકતા છે તેમ દરેક જૈનને સવારે ને સાંજે નાનામાં નાનો પણ તપ કરવાની આવશ્યકતા છે. સવારે ઓછામાં ઓછી નવકારશી અને સાંજે દુવિહાર કરવો જોઇએ. આ પ્રમાણે તપ કરવાથી રાત્રિભોજનનો ત્યાગ થઈ શકે છે. જઘન્ય શ્રાવક માટે પણ કંદમૂળનો અને રાત્રિભોજનનો ત્યાગ હોવો જોઇએ એમ શાસ્ત્રકાર કહે છે. જૈન નામ ધરાવવું અને એ બેનો પણ ત્યાગ ન કરવો એ લજ્જાસ્પદ હકીકત છે. જૈન બંધુઓએ દરરોજ કરવાનાં [1]ષટ્કર્મમાં પણ તપને ગણેલ છે.

નવકારશી સૂર્યોદય અગાઉ ધારવી અને સૂર્યોદય પછી ૪૮ મિનીટે પારવી એ એનું શાસ્ત્રોક્ત ધોરણ છે. દુવિહાર, તિવિહાર કે ચોવિહારનું પચ્ચખ્ખાણ સૂર્યાસ્ત અગાઉ ધારી લેવું જોઇએ. એ પચ્ચખ્ખાણનો અમલ આખી રાત્રિ માટે છે અને બીજા દિવસનો સૂર્ય ઊગે ત્યારથી નવકારશીની શરૂઆત થાય છે.

જેઓ નવકારશી પણ કરતા નથી તેમને માટે અહીં લખવાની જરૂર નથી, પણ જેઓ નવકારશી કર્યાનું કહે છે અને ૪૮ મિનીટ અગાઉ પચ્ચખ્ખાણ પારીને ખાનપાન લે છે તેઓ પચ્ચખ્ખાણનો ભંગ કરે છે એમ સમજવાનું છે.

જૈનપણું ધરાવવું અને આટલો નાનામાં નાનો પણ તપ ન કરવો એ શું સૂચવે છે ? આ જગતમાં જીવો જે સુખ દુઃખ પામે છે તે પૂર્વે કરેલાં શુભ કે અશુભ કર્મોનું પરિણામ છે. પૂર્વે કરેલાં અશુભ કર્મોથી દુઃખ પ્રાપ્ત થાય છે. દુઃખ કોઇપણ જીવને પસંદ પડતું નથી, છતાં તેના નિવારણમાં સાચામાં સાચો અને અમોઘ ઉપાય તપ કરવો એ છે. પૂર્વકર્મનો ક્ષય તપવડે જ થઇ શકે છે. જો સુખની ઇચ્છા હોય અને દુઃખ ન ગમતું હોય તો જરૂર શક્તિ પ્રમાણે તપ કરવો જોઇએ.

જૈન સમુદાયમાં તપની કર્તવ્યતા અવિચ્છિન્નપણે પ્રવર્તે છે. ઘણાં શ્રાવક શ્રાવિકાઓ પર્વતિથિએ એકાસણું, ઉપવાસ વગેરે તપ કરે છે. ચૈત્ર અને આસો માસની ઓળીમાં નવ નવ આંબેલ પણ કરે છે. પર્યુષણ પર્વમાં અઠ્ઠાઈ એટલે ૮ ઉપવાસ પણ કરે છે. આ બધી પ્રવૃત્તિ આત્માને ઘણી હિતકારક છે, તેથી તેની આરાધના માટે પ્રાપ્ત થયેલી શક્તિને ગોપવ્યા સિવાય યથાશક્તિ ઉદ્યમ કરવો એ આ લેખનો ખાસ હેતુ છે. આશા છે કે જૈનબંધુઓ આ લઘુ લેખ ઉપર જરૂર ધ્યાન આપશે.

કુંવરજી

૧. જિનપૂજા, ગુરુવંદન, સ્વાધ્યાય, તપ, દાન અને દયા–આ છ કર્મ ગણાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મારી યાત્રા

શારીરિક નબળાઇ અને આંખની ઉપાધિને લઇને આ વર્ષે શ્રી સિદ્ધાચળજીની યાત્રા નહિ થઇ શકે એવો નિરધાર થયો હતો; પરન્તુ એવો એકાએક વિચાર ઉદ્‌ભવ્યો કે આ સાલમાં જો યાત્રા ન થાય તો આવતા વર્ષમાં કયારે યાત્રા થઇ શકે તે કહી શકાય નહિ; એટલે આયુષ્યની અસ્થિરતાનો વિચાર કરતાં થોડું-ઘણું કષ્ટ વેઠીને પણ યાત્રા તો કરી આવવી એવો નિર્ણય કર્યો. પછી અશાડ શુદ ૪થે પાલીતાણે જઈ શુદ ૫મે સિદ્ધાચલજીની યાત્રાનો લાભ લીધો. શ્રી ઋષભદેવનાં દર્શન કરતાં પરમ આહ્‌લાદ થયો અને મનુષ્ય જન્મની સફલતા માની.

આ એક અપૂર્વ તીર્થ છે. પંદર કર્મભૂમિઓ પૈકી ૧૪ કર્મભૂમિઓમાં અથવા ૧૪ ક્ષેત્રોમાં આવું અપૂર્વ તીર્થ નથી. વિહરમાન તીર્થંકર શ્રી સીમંધરસ્વામી પણ આ તીર્થના અપૂર્વ મહિમાનું વર્ણન કરે છે. આ તીર્થના અવલંબનથી અનેક ભવ્ય જીવો–સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકાઓ સિદ્ધિપદને પામ્યાં છે.

આ તીર્થનો મહિમા શ્રી શત્રુંજય માહાત્મ્ય વિગેરે ગ્રંથોમાં વિસ્તારથી વર્ણવ્યો છે. અનુભવથી પણ એ બાબત સિદ્ધ થઈ શકે છે; પરન્તુ તેના માટે મનની નિર્મળતા, તીર્થ પ્રત્યેનો અપૂર્વ પ્રેમ અને સંસાર ઉપરથી કાંઇક વિરક્તભાવ હોવો જોઈએ. તે વિના એ હકીકત હૃદયમાં સચોટપણે પ્રવેશી શકતી નથી. પૂર્વ પુણ્યના સંયોગે આવા અપૂર્વ તીર્થનો સંબંધ પ્રાપ્ત થયા છતાં તેનો યાત્રાનો લાભ લઇ શકાય નહિ તો એટલી ભાગ્યમાં ખામી સમજવી.

કેટલાક ભાગ્યશાળી તો દરેક માસની પૂર્ણિમાએ તેમજ કેટલાક બેસતે મહિને આ તીર્થની યાત્રાનો લાભ લે છે. કેટલાક ભાગ્યશાળીઓ દૂર દૂરથી પણ આવીને આ તીર્થની યાત્રાનો લાભ દર વર્ષે લે છે. કેટલાક તો ભાવની વૃદ્ધિ સાથે આ તીર્થે નવાણું યાત્રા તથા ચોમાસુ કરે છે.

બીજા તીર્થો કરતાં આ તીર્થનું મહત્ત્વ વધારે છે તેનું કારણ એ છે કે–બીજે જ્યાં જ્યાં મહાન્ ચૈત્યો હોય કે તીર્થંકરના કલ્યાણકની ભૂમિ હોય તે તીર્થ કહેવાય છે અને આ તીર્થના અવલંબનથી તો અનેક મનુષ્યો સંસારનો પાર પામે છે.

આ સંબંધમાં વધારે લખવું એ આંબે તોરણ બાંધવા જેવું છે, કારણ કે અનેક ભવ્યાત્માઓ આ તીર્થના મહિમાને સારી રીતે સમજી શકયા છે, તેથી વધારે ન લખતાં દર વર્ષે એક વખત તો આ તીર્થની યાત્રાનો લાભ લેવા કોઇ-પણ જાતની અગવડ છતાં પણ ચૂકવું નહિ એવી ભલામણ કરીને હું વિરમું છું.

કુંવરજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર—શાહ માણેકચંદ નાગરચંદ-રંધોળાવાળા )

**પ્રશ્ન** ૧—શ્રી નેમિનાથ પરણવા ગયા ત્યારે તેમના સાસરા ઉગ્રસેન રાજાએ યાદવોને ગૌરવ આપવા માટે પશુ ભેગાં કર્યાં હતાં તો તેઓ શું જૈનધર્મી નહોતા ?

**ઉત્તર**—જૈનધર્મી હતા, પરંતુ સર્વે યાદવો માંસના ત્યાગી નહોતા તેથી ઉગ્રસેન રાજાએ એવી ગોઠવણ કરી હતી.

**પ્રશ્ન** ૨—વીરપ્રભુએ દીક્ષા લીધી ત્યારે તેમની પુત્રી, પુત્રીની પુત્રી અને તેની પુત્રીની હાજરી હતી તેમ કલ્પસૂત્રમાં જણાવેલ છે, તો તે કેવી રીતે ઘટી શકે ?

**ઉત્તર**—એ તો પ્રભુના કુટુંબનું વર્ણન કર્યું તેમાં હકીકત છે. પ્રભુની દીક્ષા વખતે તે હાજર હતા એમ સમજવાનું નથી.

**પ્રશ્ન** ૩—ચંદનબાળા ને મૃગાવતી પ્રભુને વંદન કરવા સાથે ગયા. ત્યાંથી પાછા વળતાં, સૂર્ય ચંદ્રનો પ્રકાશ છતાં, ચંદનબાળા રાત્રિ પડેલ જાણી, ઉપાશ્રયે આવ્યા તે વખતે મૃગાવતીને સાથે આવવા બોલાવી નહિ હોય ?

**ઉત્તર**—મૃગાવતીને પ્રભુની દેશનામાં આસક્ત થયેલી જોઇને બોલાવી ન હોય એ સંભવિત છે.

**પ્રશ્ન** ૪—મૃગાવતીએ ચંદનબાળાના હાથ પાસે સર્પ આવતો જોઇ તેમનો હાથ ઊંચો કર્યો એટલે સર્પ ચાલ્યો ગયો તો શું મૃગાવતી, કેવળજ્ઞાન પામેલ હોવાથી, સર્પ કરડ્યા વિના ચાલ્યો જશે એમ જાણતા નહોતા ?

**ઉત્તર**—જાણતા હતા, પરંતુ તે સાથે પોતાને ચંદનબાળાનો હાથ ઊંચો કરવાનો છે જેથી સર્પ ચાલ્યો જશે એમ પણ જાણતા હતા.

**પ્રશ્ન** ૫—કવિ માનવિજયજીના કરેલ એક સ્તવનમાં અન્ય દેવોની મૂર્તિ સાથે જૈન દેવોની મૂર્તિનો મુકાબલો કર્યો છે તેમાં 'ન ધરે વસ્ત્ર જીરણ સાજ' એમ કહ્યું છે, તે બરાબર છે ?

**ઉત્તર**—તે બરાબર છે. જૈનમૂર્તિમાં વસ્ત્રનો સંબંધ હોતો નથી. તે સ્તવનમાં છેવટમાં કહ્યું છે કે 'એવી મૂર્તિ તુજ નિરુપાધિ'.

**પ્રશ્ન** ૬—આપણે દેવમૂર્તિને આભૂષણો પહેરાવીએ છીએ તેથી તેમને પરિગ્રહધારી કે લોભી કહી ન શકાય ?

**ઉત્તર**—એમાં દેવને કાંઈ સંબંધ નથી. એ તો આપણી ભક્તિનો દેખાવ છે.

**પ્રશ્ન** ૭—મનુષ્યને વૈક્રિય શરીરવાળા દેવદેવી સાથે સંબંધ થઇ શકે ?

**ઉત્તર**—થઇ શકે. એવા ઘણા દૃષ્ટાંત છે. એ વખતે દેવદેવી ઔદારિક શરી-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રમાં રહેલી અશુચિને દૂર કરે છે, તેથી જ પુન્ય પ્રકાશના સ્તવનમાં 'દેવ, મનુષ્ય, તિર્યંચના મૈથુન સેવ્યાં જે' તેનો મિચ્છાદુક્કડ આપ્યો છે.

**પ્રશ્ન ૮**—કોઇ મુનિ વાત્સાયન કામસૂત્રનું વ્યાખ્યાન કરી શકે ?

**ઉત્તર**—ન કરી શકે, કારણ કે તેને પાપશાસ્ત્ર કહ્યું છે.

**પ્રશ્ન ૯**—આર્યરક્ષિતને વજ્રસ્વામી સાથે એક ઉપાશ્રયમાં ન રહેવાની ભદ્રગુપ્તાચાર્યે સલાહ આપી તેનું શું કારણ ?

**ઉત્તર**—વજ્રસ્વામી સાથેનો પરિવાર તેના ઉપર એટલો બધો રાગવાળો હતો કે તે જ્યારે અણશણ કરે ત્યારે બધા મુનિઓ અણશણ કરવાના હતા. એમ ન થવા માટે આર્યરક્ષિતને એવી સલાહ આપી હતી.

**પ્રશ્ન ૧૦**—ભરતચક્રીએ પોતાનું સ્ત્રીરત્ન થશે એમ ધારીને સુંદરીને દીક્ષા લેવાની આજ્ઞા ન આપી તે વ્યાજબી હતું ? એમ બની શકે ?

**ઉત્તર**—તે કાળે અત્યારે ચાલતી બધી પ્રવૃત્તિની શરૂઆત થઇ ન હતી તેથી ભરતે એવી કલ્પના કરી હતી.

**પ્રશ્ન ૧૧**—ઋષભદેવ એક યુગલિક કન્યા કે જેની સાથે જન્મેલો પુરુષ અતિ લઘુવયમાં મરણ પામેલ હતો તેની સાથે પરણ્યા તો તે પરસ્ત્રી ન કહેવાય ?

**ઉત્તર**—એ કન્યા તો લઘુવયમાં જ પુરુષ વિનાની થઇ હતી, સાથે જન્મેલ પુરુષ સાથે સ્ત્રીપુરુષના વ્યવહારમાં આવેલી નહોતી તેથી તેને પરસ્ત્રી કહેવાય નહિ.

**પ્રશ્ન ૧૨**—અંજનશલાકા થયેલ મૂર્તિને લોઢાનો સ્પર્શ થાય તો તેના દેવત્વનો નાશ થાય ? **ઉત્તર**—ન થાય. એ કલ્પના અવ્યવહારુ છે.

**પ્રશ્ન ૧૩**—પંચતીર્થીની મૂર્તિને નીચેના ભાગમાં નવ આકૃતિઓ કરેલી હોય છે તે શેની છે ? જો ગ્રહોની હોય તો તેની ત્યાં શી જરૂર ?

**ઉત્તર**—એ આકૃતિઓ નવ ગ્રહોની જ છે અને તે પ્રભુના સેવકો છે, એ બતાવવા માટે એ આકૃતિઓ કરવામાં આવે છે.

**પ્રશ્ન ૧૪**—પરમાધામી નરકના જીવોને અસહ્ય દુઃખો આપે છે તો તેથી તેને અશુભ કર્મનો બંધ થતો હશે ?

**ઉત્તર**—ઘણો તીવ્ર અશુભ કર્મબંધ થાય છે, તેથી તે ત્યાંથી ચ્યવીને અંડગોળીઆ મનુષ્ય થઇ પારાવાર દુઃખ સહન કરી નરકે જાય છે અને ત્યાં અસહ્ય વેદના સહન કરે છે.

**પ્રશ્ન ૧૫**—અગ્નિકાપુત્ર આચાર્યની આહારપાણી લાવીને દેવા વગેરે સેવા કરવા પુષ્પચુલા સાધ્વી રહ્યા હતા તે હકીકત બરાબર છે ? તેમ થઇ શકે ?

**ઉત્તર**—એના માટે એમનું ચરિત્ર વાંચો કે જેથી બધો ખુલાસો થઇ જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમાં આચાર્યને અડવાની તો જરૂર હતી જ નહિ અને તે બની પણ શકે નહિ. કેવળજ્ઞાન પામ્યા છતાં ગુરુભક્તિમાં ખામી ન આવવા માટે પુષ્પચુલા સાધ્વીએ આહારપાણી લાવી દેવા વગેરેનું કાર્ય શરૂ રાખેલ હતું.

**પ્રશ્ન** ૧૬—બૃહત્શાંતિમાં વિદ્યાદેવીઓનાં નામ ૧૬ ને બદલે ૧૭ કેમ છે ?

**ઉત્તર**—નામ સોળ જ છે, કારણ કે સર્વાસ્ત્રા મહાજ્વાળા એક દેવીનું જ નામ છે.

**પ્રશ્ન** ૧૭—એ જ સ્તોત્રમાં 'ઓં સ્વાહા-ઓં સ્વાહા-ઓં શ્રી પાર્શ્વનાથાય સ્વાહા' એવો પાઠ છે. એ કેમ ઘટી શકે ? કારણ કે સ્તોત્ર શાંતિનાથનું છે.

**ઉત્તર**—આ પાઠના સંબંધમાં શ્રી આત્માનંદ જૈન સભાએ છપાવેલી પંચપ્રતિક્રમણના અર્થવાળી બુક જુઓ. એમાં ખુલાસો છે.

**પ્રશ્ન** ૧૮—એ સ્તોત્રમાં પ્રાંતે તીર્થંકરની માતા શિવાદેવીનું નામ આવે છે તે બરાબર છે ?

**ઉત્તર**—તે વિષે પણ બૃહત્શાંતિના અર્થમાં તે બુકમાં જ ખુલાસો કરેલ છે તે વાંચો.

**પ્રશ્ન** ૧૯—એ જ સ્તોત્રમાં આચાર્યોપાધ્યાય વિગેરે ચતુર્વિધ સંઘ કહ્યો છે તેનો અર્થ શું સમજવો ?

**ઉત્તર**—એના અર્થમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ ચારે પ્રકારનો સંઘ સમજવો.

**પ્રશ્ન** ૨૦—શ્રી મુનિસુંદરસૂરિ મહારાજે પોતાના ગુરુ પાસેથી ગણધર વિદ્યા પ્રાપ્ત કરેલ છે તે વિદ્યા છે કે પદવી છે ?

**ઉત્તર**—એ વિદ્યા છે. પદવી નથી. એ વિદ્યા હાલ લભ્ય નથી.

**પ્રશ્ન** ૨૧—પાક્ષિક અતિચારમાં સમકિત સંબંધી અતિચારમાં અનેક દેવોના નામ આવે છે તેની હયાતી જૈનો માને છે ?

**ઉત્તર**—એ નામના દેવો હોવાનો સંભવ છે તેથી વિરોધ જેવું નથી. તેથી એ માનવા પૂજવા લાયક છે એમ સમજવું નહિ, કેમકે તેને માન્યા પૂજ્યાનો તો અતિચાર કહેલ છે.

**પ્રશ્ન** ૨૨—વીર પ્રભુની માતા તરીકે દેવાનંદાએ અને ત્રિશલા માતાએ બન્નેએ ચૌદ સ્વપ્ન જોયા તો એક પ્રભુને માટે બે વાર ચૌદ સ્વપ્ન આવે ખરા ?

**ઉત્તર**—બન્ને માતાએ ચૌદ સ્વપ્ન જોયા એ વાત બરાબર છે, પરંતુ તેનો સમાવેશ ગર્ભહરણના આશ્ચર્યના પેટામાં સમજવો.

**પ્રશ્ન** ૨૩—વીર પ્રભુ ૮૨ દિવસ દેવાનંદાના ગર્ભમાં રહ્યા અને બાકીના દિવસો ત્રિશલામાતાના ગર્ભમાં રહ્યા એ હકીકતની ત્રિશલા માતાને ખબર હતી ?

**ઉત્તર**—એ વાતની ત્રિશલા માતાને ખબર નહોતી. એમણે તો નવ મહિના ને સાડાસાત દિવસે પોતાને રહેલો ગર્ભ પ્રસવ્યો છે તેમ જાણ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૨૪**—તીર્થંકરો જે પૂછે તેનો જવાબ આપે કે તે સિવાય કાંઇ બોલે છે?

**ઉત્તર**—પૂછે તેનો જવાબ આપવો તેનો પણ નિરધાર નથી. લાભ દેખે તો જવાબ આપે અને પૂછ્યા વિના પણ અનેક વાત ઉપદેશાદિકની તીર્થંકરો પણ કહે છે. તેમાં પૂછવાની આવશ્યકતા નથી.

**પ્રશ્ન ૨૫**—વીર પ્રભુએ શાળિભદ્ર મુનિને " આજે તમારી માતાને હાથે ભિક્ષા પામશો " એમ શા માટે કહ્યું ?

**ઉત્તર**—એમાં શાળિભદ્ર મુનિને આશ્ચર્ય ઉપજાવવાનું નિમિત્ત હતું, કારણ કે તે આ ભવની માતાને હાથે નહિ પણ પાછલા ભવની માતાને હાથે ભિક્ષા પામવાના હતા અને તે જ રીતે ભિક્ષા પામ્યા છે.

**પ્રશ્ન ૨૬**—કાળી મહાકાળી નામની એક જ દેવી છે કે તે નામની બીજી દેવીઓ હોય છે ?

**ઉત્તર**—એક નામની અનેક દેવીઓ હોય છે, માટે વિદ્યાદેવીમાં કહેલી અને ચોવીશ પ્રભુની યક્ષણીઓમાં કહેલી કાળી મહાકાળી જુદી જુદી સમજવી.

કુંવરજી

## વંચક મનુષ્ય પોતાને જ ઠગે છે.

કેટલાક મનુષ્યો સ્વભાવે જ અન્યને ઠગવાના સ્વભાવવાળા હોય છે. તેઓ બીજાને ઠગીને જે લાભ મેળવે છે તેમાં આનંદ માને છે પરંતુ તેથી તેને પરિણામે નુકશાન થાય છે તે તેના ધ્યાનમાં આવતું નથી. શાસ્ત્રકાર તો વંચક મનુષ્ય માટે સ્વર્ગ ને મોક્ષ બંનેના દ્વાર બંધ થયેલા માને છે. આ જગતમાં લોકો તેનો વિશ્વાસ કરતા નથી, અપકીર્ત્તિ થાય છે, લાભ પણ ઘટતા જાય છે પરંતુ જે કુટેવ પડી હોય છે તે છૂટવી મુશ્કેલ છે. સુજ્ઞ મનુષ્યોએ આવી ટેવ પડવા દેવી નહીં. એવા વંચક મનુષ્યની સોબત પણ કરવી નહીં કારણ કે તે ચેપી વ્યાધિ છે એટલે એનાથી દૂર રહેવું. ભાગ્યની પ્રતીત રાખવી. ભાગ્યમાં હોય છે તો વંચકપણું કર્યા વિના પણ મળી રહે છે. ખરી રીતે વંચક મનુષ્ય બીજાને છેતરી શકતો નથી પરંતુ પોતે જ છેતરાય છે. આ બાબત ઊંડો વિચાર કરતાં તેમજ વંચક મનુષ્યને સ્વયં થતાં ગેરલાભના અનુભવ પરથી ખાત્રી થઈ શકે તેમ છે. આવી બાબત લોકમાં પણ નિંદ્ય ગણાય છે તો જરૂર સુજ્ઞ જનોએ તેનાથી દૂર રહેવું એટલો ટૂંકો ઉપદેશ જ બસ છે. કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રી આનંદઘનજીનું

# દિવ્ય જિનમાર્ગદર્શન

### ( ૪ )

આમ જાતિસ્વરૂપથી યોગદષ્ટિ એકરૂપ છતાં, આવરણ અપાયના ભેદથી એના આઠ સ્થૂલ ભેદ પડે છે. જેમ આંખ આડે આવરણરૂપ પડદો ગાઢ હોય તો ઘણું ઓછું દેખાય. પછી જેમ જેમ આવરણ પટલ દૂર થતું જાય તેમ તેમ વધુ દેખાય છે, ને છેવટે સંપૂર્ણ આવરણ ખસતાં સંપૂર્ણ દર્શન થાય છે, તેમ સમ્યગ્ દર્શનને આવરણભૂત મોહનો પડદો જેમ જેમ ખસતો જાય છે તેમ તેમ નિર્મલ વિશુદ્ધ દર્શન થતું જાય છે. આમ યોગીઓની સદ્દષ્ટિ એકરૂપ છતાં વ્યક્તિભેદે સ્થૂલ આઠ* પ્રકારની છે.

**પથિક**—મહાત્મન્! તે આઠ દૃષ્ટિ કઈ છે? તેનું સ્વરૂપ શું છે? તે કહેવા કૃપા કરો.

**યોગિરાજ**—જિજ્ઞાસુ ભવ્ય! આ વિષય ઘણો મોટો છે. તે સમજવા માટે ઘણી ધીરજ જોઈશે અને અત્રે વિસ્તારવા જતાં વિષયાંતર થઈ જવાનો ભય છે, છતાં તારી જિજ્ઞાસા છે તો સાવ સંક્ષેપમાં કહું છું. **મિત્રા, તારા, બલા, દીપ્રા** અને **સ્થિરા, કાંતા, પ્રભા, પરા** એ આઠ યોગદષ્ટિના નામ છે. તે દૃષ્ટિઓમાં બોધ-પ્રકાશની જે તરતમતા છે તે સમજવા માટે જ્ઞાનીઓએ આ પ્રમાણે ઉપમા યોજી છે: મિત્રા, તારા, બલા ને દીપ્રા એ ચાર દૃષ્ટિઓનો બોધ-પ્રકાશ અનુક્રમે તૃણના અગ્નિ જેવો, છાણાના અગ્નિ જેવો, કાષ્ઠના અગ્નિ જેવો ને દીપકની પ્રભા જેવો હોય છે. અને સ્થિરા, કાંતા, પ્રભા, પરા એ ચાર દૃષ્ટિઓનો બોધ-પ્રકાશ અનુક્રમે રત્નની પ્રભા જેવો, તારા, સૂર્ય ને ચંદ્રની પ્રભા જેવો છે. ચોથી **દીપ્રા** દૃષ્ટિ સુધી મિથ્યાત્વની સંભાવના છે, **સ્થિરાથી** માંડીને સમ્યક્ત્વ હોય છે.

**પથિક**—યોગિરાજ! પ્રથમ ચાર દૃષ્ટિમાં મિથ્યાત્વ હોય છે, છતાં તેને યોગીઓની સદ્દષ્ટિમાં-સમ્યગ્દૃષ્ટિમાં કેમ ગણી?

**યોગિરાજ**—કારણમાં કાર્યના ઉપચારથી. મિત્રાદિ પ્રથમ ચાર દૃષ્ટિમાં મિથ્યાત્વ છે એ ખરું, પણ તે ઉત્તર કાળમાં સમ્યગ્દૃષ્ટિના અમોઘ કારણરૂપ× થાય છે, એટલે તેને પણ સદ્દષ્ટિ કહી. આ સમજવા માટે આ સ્થૂલ દૃષ્ટાંત છે:-શુદ્ધ સાકરના ચોસલાની બનાવટમાં અનેક પ્રયોગમાંથી પસાર થવું પડે છે ત્યારે તેની બનાવટ નીપજે છે. પ્રથમ તો ઇક્ષુ-શેરડી જોઈએ, પછી તેનો રસ કાઢવામાં આવે, તેને ઉકાળીને કાવો બનાવે, તેમાંથી

---

* "इयं चावरणापायभेदादष्टविधा स्मृता । सामान्येन विशेषास्तु भूयांसः सूक्ष्मभेदतः ॥"

**શ્રી યોગદષ્ટિસમુચ્ચય**

× "अवन्ध्यसद्दृष्टिहेतुत्वेन मित्रादिदृष्टीनामपि सतीत्वादिति । वर्षोलकनिष्पत्ताविक्षुरसकव्वगुडकल्पाः खल्वेताः खण्डशर्करामत्स्याण्डवर्षोलकरामाश्चेतरा इत्याचार्याः । इक्ष्वादीनामेव तथाभवनादिति रुच्यादिगोचरा एवैताः, एतेषामेव संवेगमाधुर्योपपत्तेः । इक्षुकल्पत्वादिति नलादिकल्पास्तथा भव्याः संवेगमाधुर्यशून्यत्वात् ।"

—**શ્રી યોગદષ્ટિસમુચ્ચય વૃત્તિ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોળ બને, પછી ખાંડ થાય, તેમાંથી શર્કરા-ઝીણી સાકર બને, તેમાંથી અશુદ્ધ સાકરના ગઠ્ઠા થાય ને છેવટે શુદ્ધ સાકરના ચોસલા બને.

આમાં શેરડીથી માંડીને ગોળ સુધીની અવસ્થા બરાબર મિત્રા આદિ ચાર દૃષ્ટિ છે, અને ખાંડથી માંડીને શુદ્ધ ચોસલા સુધીની અવસ્થા બરાબર છેલ્લી ચાર દૃષ્ટિ છે. પણ પ્રથમ પૂર્વ ચાર અવસ્થા ન હોય તો ઉત્તર ચાર અવસ્થા ઉપજે જ કેમ ? મૂળ શેરડી જ ન હોય તો શુદ્ધ સાકરની આશા રાખવી તે આકાશકુસુમ જેવી છે, વંધ્યાપુત્ર સમાન છે. મિત્રાદૃષ્ટિને શેરડી સાથે સરખાવી તે બરાબર છે, કારણ કે તેમાંથી સંવેગરૂપ માધુર્ય-ની-મધુર રસની નિષ્પત્તિ થાય છે. ભવ્ય જીવોને જ આ મિત્રા આદિ દૃષ્ટિ સાંપડે છે,-અભવ્યોને કદી નહિં. કારણ કે તે અભવ્યો તો બરુ જેવા છે. બરુને ગમે તેટલો પીલો તો પણ તેમાંથી રસ નીકળે નહિં, તેમ અભવ્યને કોઇ કાળે સંવેગરૂપ માધુર્ય નીપજતું નથી. આમ આ મિત્રાદિ દૃષ્ટિ ઇક્ષુ આદિ સ્થાનીય હોઇ ઉત્તર સદ્દૃષ્ટિના કારણરૂપ થાય છે, તેથી તેને પણ ઉપચારથી સદ્દૃષ્ટિમાં ગણી છે. બાકી પરમાર્થથી તો સ્થિરા આદિ છેલ્લી ચાર દૃષ્ટિ જ નિરુપચરિત સમ્યગ્દૃષ્ટિ છે. આ આઠ યોગદૃષ્ટિમાં અનુક્રમે યમ, નિયમ, આદિ આઠ *યોગાંગ ઘટે છે, ખેદ આદિ આઠ દોષનો ત્યાગ થાય છે, ને અદ્વેષ, જિજ્ઞાસા આદિ આઠ ગુણ પ્રગટે છે. તેનું વિશેષ સ્વરૂપ જાણવા ઇચ્છતો હો તો તું અવકાશે યોગાચાર્ય શ્રી **હરિભદ્રજીકૃત યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિન્દુ આદિ ઉત્તમ ગ્રંથ-રત્નો શાંતિથી અવલોકજે.**

**પથિક**—આ યોગદૃષ્ટિ છે એમ કયા સામાન્ય લક્ષણે ઓળખાય ? ને તેનું ફલ શું ?

**યોગિરાજ**—સત્ શ્રદ્ધાસંગત બોધ× તે દૃષ્ટિ કહેવાય છે. એટલે જ્યાં સત્પુરુષની ને સત્પુરુષના વચનની શ્રદ્ધાવાળો બોધ હોય છે, અને સ્વચ્છંદનો ત્યાગ હોય છે ત્યાં સામાન્યપણે આ દૃષ્ટિની પ્રાપ્તિ સમજવી. અને આવો શ્રદ્ધાયુક્ત બોધ જ્યાં હોય છે ત્યાં નિષિદ્ધ એવી અસત્ પ્રવૃત્તિનો વ્યાઘાત થાય છે, અસત્ પ્રવૃત્તિ અટકી પડે છે અને સત્પ્રવૃત્તિપદ-મુક્તિપદ ખેંચાઇને નિકટ આવતું જાય છે.

આ મુક્તિપદની પ્રાપ્તિ એ જ આ યોગદૃષ્ટિનું છેવટનું ફળ છે, કારણ કે મોક્ષની સાથે યોજે તે યોગ કહેવાય છે. '**मोक्षेन योजनाद् योगः**' એવા યોગ સંબંધિની દૃષ્ટિ તે યોગદૃષ્ટિ છે, એટલે યોગદૃષ્ટિનું ફલ મોક્ષ છે.

ઉક્ત આઠ દૃષ્ટિમાં **મિત્રા** આદિ પ્રથમની ચાર દૃષ્ટિ પ્રતિપાતી+ પણ હોય છે, આવીને પાછી ચાલી પણ જાય,-ચાલી જાય જ એમ નહિં. એટલે કે તે પ્રતિપાતી કે અપ્રતિપાતી હોય. પ્રતિપાતી થાય તો તે સાપાય હોય છે-એટલે કે નરકાદિ અપાયયુક્ત

* " यमादियोगयुक्तानां खेदादिपरिहारतः । अद्वेषादिगुणस्थानक्रमेणैषा सतां मता ॥ "
—**શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય**

× "सच्छ्रद्धासङ्गतो बोधो दृष्टिरित्यभिधीयते । असत्प्रवृत्तिव्याघातात्सत्प्रवृत्तिपदावहः ॥" **યો. દ. સ.**

+ "प्रतिपातयुताश्चाद्याश्चतस्रो नोत्तरास्तथा । सापाया अपि चैतास्तत्प्रतिपातेन नेतराः ॥" **યો. દ. સ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. છેલ્લી ચાર તો અપ્રતિપાતી જ હોય છે, આવ્યા પછી કદી પડતી નથી. અપ્રતિપાતી દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી મોક્ષ પર્યંત કદી પતન થતું નથી, ને મુક્તિ માર્ગે અખંડ *પ્રયાણ થયા કરે છે. કદાપિ વચ્ચે રાતવાસા જેવા દેવાદિ ભવ કરવા પડે, તેથી ચરણનો વિઘાત–અંતરાય ઉપજે છે, તો પણ પ્રયાણનો ભંગ થતો નથી. અમુક સ્થળે જવા નીકળેલો મુસાફર વચ્ચમાં જેમ રાતવાસો કરી પોતાનો થાક ઉતારી નાંખે છે તેમ આ મુક્તિમાર્ગનો વટેમાર્ગુ પણ દેવાદિ ભવરૂપ રાત્રિવાસ કરે છે, પણ તેથી કાંઇ મુક્તિ માર્ગના અખંડ પ્રયાણમાં ભંગ પડતો નથી. આમાં પાછા પડવાની, પીછેહઠ કરવાની તો વાત જ નથી, આગળ જ વધવાનું છે, આગળ જ પ્રગતિ કરવાની છે, એટલે યોગમાર્ગે આગળ ધપતો ધપતો આ દિવ્ય નયનને પામેલો યોગદૃષ્ટિવાન્ મુમુક્ષુ પથિક પોતાના ઇષ્ટ મોક્ષસ્થાને પહોંચે જ છે. આવો અતુલ મહાપ્રભાવ આ દિવ્ય નયનનો–યોગદૃષ્ટિનો છે.

અને આ ઉપરથી તને પ્રતીત થશે કે આ દિવ્ય નયન એટલે મુખ્યપણે પરમાર્થથી સ્થિરા આદિ યોગદૃષ્ટિ જ છે, કારણ કે તે દૃષ્ટિમાં જ નિશ્ચયથી સ્વસંવેદન જ્ઞાન અથવા પ્રત્યક્ષ આત્મદર્શન થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો નિશ્ચય વેદ્યસંવેદ્યપદ અથવા નિશ્ચય સમ્યગ્દર્શન અહીં જ પ્રાપ્ત થાય છે. આવા આ દિવ્ય નયનને અથવા પરમાર્થ સમ્યગ્દૃષ્ટિને જે પામે છે, તે જ સાક્ષાત્ માર્ગ દેખી શકે છે. કારણ કે ભગવાન જિનેશ્વરનો મૂળ માર્ગ પરમાર્થ પ્રત્યયી છે, અને પરમાર્થ નિશ્ચય સમ્યગદૃષ્ટિથી જ તે દેખી શકાય છે. બાકી બીજા જે ચર્મચક્ષુથી–બાહ્ય દૃષ્ટિથી તે માર્ગ જોવા જાય છે, તે ભ્રાંતિથી ભૂલા પડી ગોથું ખાઇ જાય છે. એટલા માટે જ મેં કહ્યું હતું કે+—

**"ચરમ નયણ કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર;**
**જેણે નયણે કરી મારગ જોઇએ રે, નયન તે દિવ્ય વિચાર...**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે."**—( અપૂર્ણ )

—**ભગવાનદાસ મન:સુખભાઈ મહેતા**

---

* " प्रयाणभङ्गाभावेन निशि स्वापसमः पुनः । विघातो दिव्यभावतश्चरणस्योपजायते ॥ "
શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય.

" દૃષ્ટિ થિરાદિક ચારમાં, સુગતિપ્રયાણ ન ભાંજે રે;
રયણી શયન જેમ શ્રમ હરે, સુરનર સુખ તિમ છાજે રે." વીર૦
—શ્રી યોગદૃષ્ટિસજ્ઝાય

+ " જ્ઞાન દર્શન ચારિત્રની શુદ્ધતા રે,
એકપણે અને અવિરુદ્ધ......મૂળ મારગ સાંભળો જિનનો રે.
જિનમારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુદ્ધ...મૂળ મારગ૦
લિંગ અને ભેદો જે વૃત્તના રે, દ્રવ્ય દેશકાળાદિ ભેદ...મૂળ મારગ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણે કાળે અભેદ...મૂળ મારગ૦"
—મહાતત્ત્વદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક પુરુષો

## પૂર્વધર ત્રિપુટી (૨)

દરબારમાં પ્રવેશતાં મંત્રીશ્વર શકડાલને પોતાની બેઠક પર કામમાં લીન બનેલ જોઈ, સાથેના સુબંધુને ઉદ્દેશી રક્ષકજીએ કહ્યું:

"મિત્ર સુબંધુ, આટલા વહેલાં આવી મહામંત્રી ઝડપથી કાર્યરત બન્યા છે એ પાછળ જરૂર કંઇ કારણ સંભવે છે."

રક્ષકજી—એમનો ચહેરો જોતાં જ સહજ જણાઇ આવે છે કે તેઓ પોતાના શીર પરની જવાબદારી સત્વર ઉતારવા માંગે છે. જાણે એકાદ મહાન્ વ્યાપારી પોતાની પેઢીની કાર્યવાહી સંકેલતો હોય એવો દેખાવ તેમનો આજે જણાય છે.

સુબંધુ—તારું અનુમાન સાચું છે. કોઈપણ સ્વમાનશીલ માનવી રાજવી તરફથી છેલ્લા બે દિનથી જે જાતનો વર્તાવ થઈ રહ્યો છે એ નિહાળી મૂંગો કેમ રહી શકે? ક્યાં તો અધિકાર મુદ્રા પાછી સોંપે અને ક્યાં તો વહેમના કારણની ચોખવટ કરવાનો પડકાર કરે. આજની કાર્યરત દશા જોતાં તેઓ રાજીનામું આપી છૂટા થશે એમ અનુમાન કરી શકાય.

રક્ષકજી–પણ રાજીનામું એટલે રાજવી નંદના હાથે જીવનભરની રીબામણ કે બીજુ કંઇ? એક તો રાજાની અકૃપા એટલે સર્વનાશ. ધનમાલ કે સાહેબી એમાંથી કંઇ જ રહેવા ન દે. એમાં આ તો રાજવી નંદ. નીતિકારનું તો કથન છે જ કે:—

**राजा मित्रं केन द्रष्टम् श्रुतम् वा** અર્થાત્ રાજા કોઇના મિત્ર થયા હોય એવું નથી તો જોયું કે નથી તો સાંભળ્યું. એમાં આ તો પૂરો વહેમી. આ વચ્ચે જે આફતના ભણકારા વાગી રહ્યા છે એમાંથી મંત્રીશ્વર સલામતીથી તરી પાર ઉતરે એવા ચિન્હ ઓછા છે. સાંભળવા મુજબ દ્વિજ વરરુચીએ રાજવીના કાન ભંભેરવામાં જરાપણ કચાશ રાખી નથી. મને તો થોડા કલાકમાં જ ભાવિ ભયંકર દેખાય છે! મંત્રીશ્વરની પ્રતિષ્ઠા હતી ન હતી થવાના ભણકારા સંભળાય છે.

સુબંધુ—મિત્રવર્ય, ગમે તેમ બને કદાચ તમારું મંતવ્ય સાચું પણ પડે છતાં જે સ્ફુર્તિથી અને એકાગ્રતાથી તેઓ આજે કાર્ય પતાવી રહ્યા છે અને તેમના મુખારવિંદ પર જે પ્રભા પથરાયેલી દૃષ્ટિગોચર થાય છે એ અપૂર્વ છે. અંતરની પૂરી પ્રસન્નતા વિના કે મગજની સંપૂર્ણ સમતોલતા વગર આવી સ્થિતિ પ્રાપ્ત નથી થઇ શકતી. આજના જેવી વિલક્ષણ કાન્તિ જ્યારે તેઓ સમેતશિખરજીની યાત્રાએ નિકળ્યા ત્યારે જોવામાં આવી હતી. મગધને આવો પ્રતિભાસંપન્ન અને દીર્ઘદર્શી મંત્રી પુનઃ સાંપડવો મુશ્કેલ છે. રાજ્યના સંરક્ષણ અને શ્રેય નિમિત્તે લોહીનું પાણી કરનાર આવા કોહિનૂરોના શિરે ઉઘાડી તલવાર લટકતી જ હોય છે. વર્ષોની કાર્યવાહી પર પીંછી ફરતાં વિલંબ નથી થતો. કાનના કાચા રાજાઓના રાજ્યમાં આવા બનાવો તો સહજ હોય છે. ભારતવર્ષની સરહદ પર જે આક્રમણના ઢોલ પીટાઇ રહ્યા છે, એમાં મગધની કીર્તિને જરા પણ આંચ ન પહોંચે એની સતત કાળજી રાખનાર મંત્રીશ્વર સાચે જ રાજ્યના એક સ્તંભરૂપ છે છતાં આવા વફાદારના માથે પણ આજે તો સર્વનાશની નોબત વાગી રહી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા સમયે રાજ્યની નોકરીને તિલાંજલિ આપવાનું મન થઈ જાય છે.

ત્યાં તો છડીદારનો પોકાર કર્ણ પર અથડાયો–મહારાજાધિરાજ નંદ રાજવીનો જય હો–મગધ દેશના સ્વામીનો જય હો.

સૌ કોઇ ઊભા થઇ ગયા. સભાજનોની સલામ ઝીલતા રાજવી સિંહાસન તરફ આગળ વધી રહ્યા. મંત્રીશ્વરની બેઠક આવતાં જ નૃપતિએ મુખ ફેરવી લીધું. રાજાનો અભાવ જોતાં શ્રીયકે જે ક્રિયા કરી અને જેને પરિણામે શકડાળ મંત્રીનો વિનાશ થયો તેની વિગત લખતાં અમારી કલમ અટકે છે.

રાજાએ શ્રીયક સામે જોઈ સવાલ કર્યો:

અરે શ્રીયક ! આવું અકાર્ય તેં કેમ કર્યું ?

નમ્રતા ધારણ કરી, સંપૂર્ણ નિડરતાથી શ્રીયક બોલ્યો–મહારાજ, પિતાનો સંબંધ ઘર આંગણે મૂકીને જ હું અંગરક્ષકના નાયક તરીકેની જવાબદારી ભોગવું છું. ફરજ, બજાવતી વેળા પિતા–પુત્રના કે અન્ય કોઇ સંબંધના નાતાને ભૂલી જઉં છું. કેવળ કર્તવ્ય એ જ મારું જીવનસૂત્ર બની રહે છે. જેના પ્રતિ આપની ઇતરાજી ઉઘાડી આંખે જોવાય, જેની હાજરી આપને તેમજ રાજ્યને જોખમ સમી ગણાય, જે વ્યક્તિ આપની નજરમાં કંટક તુલ્ય લેખાય; એને વચમાંથી ઉખેડી નાંખી કાયમને માટે શાંતિ સ્થાપવી એ સેવકનો ધર્મ આજે મેં બજાવ્યો છે. આપ એમાં પાતક ગણો છો ? ”

મોટા ભાગે મૌન રહેતા, ન ચાલ્યે પ્રશ્નનો ઉત્તર વાળતા, શ્રીયકની ઓજસ્વી અને મર્મભરી વાણી સાંભળી સભાજનો મંત્રમુગ્ધ બની ગયા !

ખુદ રાજવી નંદ પણ આ પ્રકારની વિલક્ષણતા–ફરજ માટેની એકાગ્રતા–નિરખી વિસ્મય પામ્યો. એના અંતરમાં શ્રીયકના આ કાર્યે કોઇ અનોખું સ્થાન જમાવ્યું. જો કે પ્રગટ એ ભાવ જોઇ શકાયો નહીં છતાં એણે જે રીતે ઠપકાના શબ્દો ઉચ્ચાર્યા એ ઉપરથી અનુમાન કરવામાં જરાપણ મુશ્કેલી નડે તેમ નહોતું જ.

“વફાદાર નાયક, ભલે તેં ફરજ આગળ ધરી, છતાં આવું પગલું ભરતાં પૂર્વે તારે મને પૂછવું તો હતું. ખેર, બનનાર બની ગઇ ! મંત્રીશ્વર જતાં મારો તો જમણો હાથ તૂટી ગયો ! એ મુદ્રા હવે તું જ ધારણ કર. વંશપરંપરાગત આવેલ અધિકારને શોભાવ, અને પિતાના જેટલી જ દીર્ઘદર્શિતાથી મગધ દેશના સંરક્ષણમાં અને યશ–પ્રસારમાં મોવડી બન. એ પદને તું જ લાયક છે.”

“ના, મહારાજ હજુ, મારે માથે વડિલભાઇ સ્થૂલભદ્ર છે. સાચો વારસ ને હકદાર તે જ ગણાય.”

“હા, વાત સાચી છે. આવતી કાલે રાજસભામાં એને તેડી લાવવા તું અનુચરને કહી દે. મહાઅમાત્યના માનમાં દરબાર બરખાસ્ત કરો અને સારાયે નગરમાં આજે શોક દિન પળાય એવી ગોઠવણ કરો.”

ગમગીનીભર્યા ચહેરાવાળા સભાજન ધીમે ધીમે જાણે કોઇ તદ્દન નજીકનું આપ્તજન પોતાની વચ્ચેથી સિધાવી ગયું હોય એટલી લાગણીભર્યા હૃદયથી પોતપોતાના ઘર તરફ વિદાય થયા અને મંત્રીશ્વરની અંતિમ ક્રિયામાં ભાગ લેવા માટે તેના મહેલે આવવા લાગ્યા.

રક્ષકજી—કેમ સુબંધુ, મારું અનુમાન સાચું પડયું ને ? આજની પદ્ધતિ જ કોઇ અનોખી હતી. મને તો પ્રવેશતાં જ પહેલી તકે ભાસ્યું હતું કે માન ન માન પણ મહાઅમાત્ય શકડાલ પોતાના ઓદ્ધા પર છેવટનો ભાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભજવી રહ્યા છે. મને જે સમાચાર ખાનગી રીતે મળ્યા હતા એ ઉપરથી લાગ્યું જ હતું કે મંત્રીશ્વરના કુટુંબ ઉપર સર્વનાશની અગ્નિ વર્ષવાની ઘડીઓ ગણાતી હતી ! આજે શ્રીયકના હાથે પિતાનો અભાવ ન થયો હોત તો રાજવીના હુકમથી તેઓ બંદીવાન બનત અને તેમની મિલ્કત લૂંટી લઇ, સારાયે કુટુંબીજનોને રઝળતા ભિખારીઓ જેવી દશામાં પાટલીપુત્રની બજારે નિકળવું પડત. નંદરાજાની કીન્નાખોરીના ભોગ બનેલ એ કુટુંબ પ્રત્યે તમો કે હું કંઇ હાથ લંબાવી સ્હાયક બનવાની વાત તો દૂર રહી પણ આશ્વાસનના બે શબ્દો પણ ન ઉચ્ચારી શકત. એ કુટુંબના આદ્ય પુરુષ સાથે નંદરાજાના વડેરાએ દાખવેલ રોષ અને વર્ષાવેલી આપત્તિઓ મારા વડિલો તરફથી મેં સાંભળી છે અને ત્યારથી જ મને આ રાજ્યની નોકરી માટે માની લીધેલા અધિકાર માટે હાર્દિક નાખુશી ઉદ્ભવી છે. ન છૂટકે એમાં પડ્યા એટલે એ કામ કરવું તો પડે છે પણ જળથી કમળ જેમ જુદું રહે છે એવી સાવચેતીપૂર્વક હું પણ મારું કામ બજાવું છું.

સુબંધુ—મિત્ર મહાશય, તમોએ આજે ઘણી જ અગત્યની વાત સંભળાવી. મને રાજદરબારમાં અધિકાર મેળવવાનો ભારી નાદ લાગ્યો હતો. એ અંગેની ખટપટમાં પણ હું ખેંચાઇ ચૂકયો હતો. આજના બનાવે મારી આંખ ઉઘાડી દીધી છે અને તમારી વાતે રહ્યુંસહ્યું મમત્વ સાફ કરી દીધું છે. જે વ્યક્તિના કારભારમાં એક કોડીની પણ ગ્વાદ્દાનગી નથી થઇ, જેના મુસદ્દીપણાથી સરહદના લૂંટારા અને હૂણોના ધાડા મગધ પર ધસી આવતાં વિચાર કરે છે–અરે થંભી ગયા છે અને જેની દીર્ઘદર્શિતાએ માત્ર ભારતવર્ષમાં જ નહીં પણ એની બહાર ચીન–યુનાન આદિ દેશોમાં મગધની કીર્તિગાથા વહેતી કરી છે, એ પવિત્ર વ્યક્તિ માટે એકાદ મામુલી કારણથી વહેમ ધરવો અને વંશઉતાર ચાલ્યો આવતો ગાઢ સંબંધ વિસરી જઇ, એનું સદંતર ખેદાન મેદાન કરી નાંખવાના ચક્રો ગતિમાન કરવા ! નિમકહલાલીથી રાજ્યચિંતા કરનાર એ વયોવૃદ્ધ અમાત્ય પ્રત્યે એક દાનો દુશ્મન પણ તૈયારી ન દાખવે એવી વેર–વસુલાતની જાળ પાથરવી ! એ અધમતા ઓછી ન કહેવાય ! જ્યાં આવી ખટપટો થતી હોય, એમાં હાથા પણ મળી આવતાં હોય, વહેમ જ્યાં પરાકાષ્ઠાએ પહોંચ્યો હોય ત્યાં સેવાના સન્માન આકાશકુસુમવત્ અશક્ય છે. ત્યાં તો આજના દાખલાથી મારી સાન ઠેકાણે આવી એટલે જ હું આ પ્રમાણે વદી રહ્યો છું. ગઈ કાલ સુધી, અરે આજે દરબારમાં દાખલ થતાં સુધી હું પણ અધિકારલોલુપી હતો. કાવાદાવામાં સ્વોત્કર્ષ માનતો હતો, પણ હવે આકાશ સ્વચ્છ થયું છે. હજુ મને એક વાત ગળે નથી ઉતરતી અને તે એ જ કે–પિતૃઘાત જેવું કરપીણ કાર્ય શા સારુ પુત્ર એવા શ્રીયકે કર્યું ? એ પાછળ રાજવીનું ગમે તેવું દબાણ હોય છતાં માનવ ધારે તો અડગ રહી શકે છે. એમાં નોકરીનો નાતો આગળ ધરી શકાતો નથી જ. મને તો નોકરીની વધુ પડતી તાલાવેલી કિંવા ભાવિમાં સારી પદવીનો મોહ શ્રીયકના અંતરમાં વધુ જોર કરી ગયેલ લાગે છે. પાછળની કાર્યવાહી એની સાક્ષી પૂરે છે. નહિં તો એવો દિકરો ભાગ્યે જ જડે કે જે પોતાના હાથે પોતાના પિતાનો વિનાશ કરે !

રક્ષકજી–દોસ્ત સુબંધુ, અહીં જ તું ભીંત ભૂલે છે. રાજ્યખટ્પટમાં ભલે તું ભળ્યો હોય પણ હજુ એમાં પાવરધો નથી થયો એમ મારે સ્પષ્ટ સંભળાવી દેવું જોઇએ. મુસદ્દીગીરીનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેં એકડો ઘૂંટ્યો હોત તો આ પ્રકારની શંકા ઉઠવાનો પ્રસંગ જ ન આવત. શું તું એટલું ન જોઈ શકયો! કે જ્યારે નંદ રાજવીએ મંત્રીમુદ્રા શ્રીયકને આપવાની વાત કરી ત્યારે તેણે પોતાના વડિલ ભાઇનું નામ આગળ ધર્યું. જો પદનો લોભ હોય તો એ વેળા ઓછું જ કોઇ સગાઇ-સંબંધ યાદ કરવા જાય છે!

જોવા-વિચારવાનું તો એ છે કે જો રાજાની એકાદ નહીં જેવા વહેમથી મંત્રીશ્વર શકડાળના કુટુંબ પર ઇતરાજી થઇ એટલું જ નહીં પણ એને હતું ન હતું કરી નાંખવાના પેંગડા સુદ્ધાં રચાયા! એ જ કુટુંબના વારસને પ્રધાનપદવી લેવાનો આગ્રહ થાય છે! જાણે વચમાંથી શકડાળ જતાં સારીયે લાગણીનું આખું વર્તુલ ફેરવાઈ જાય છે! થોડા દિન પસાર થતાં મંત્રીશ્વરના તનુજને ખુદ મંત્રીશ્વર જેવો અધિકાર ભોગવતો જોઇ સારોયે બનાવ વિસ્મૃતિનો વિષય બની જાય તો નવાઇ ન લેખાય! જે વ્યક્તિએ મંત્રીશ્વરને અધિકાર ઉપરથી ઉખેડી નાંખી, તેના કુટુંબને રઝળતું કરી વેર લેવાની આશા રાખેલી અને એ રીતે જાતે અમાત્ય બની બેસવાની અભિલાષા સેવેલી એ દ્વિજ વરરુચીની કાર્યવાહી પર આથી પાણી ફરી વળે છે! ધાર્યા કરતાં સદંતર જુદી દિશાના પાયા મંડાય છે. ફક્ત મંત્રીશ્વરના મૃત્યુનો બનાવ દુઃખકર છે, છતાં જ્યારે, ભયંકર વાદળો ઘેરાઇ ચૂકયા હતા અને ઘડી બેઘડીમાં વરસી જવાની આગાહીઓ વાતાવરણમાં પ્રસરી ચૂકી પણ હતી તેનો વિચાર કરીએ છીએ ત્યારે વર્તમાનમાં બનેલો બનાવ ભયંકર નથી લાગતો. વૃદ્ધત્વ પછી પંચત્વ આવવાનું તો હતું જ. જન્મ્યું છે તે એક દિન મૃત્યુ પામવાનું જ છે. વળી યુવાન પુત્ર સંસારનો ભાર વહન કરવા યોગ્ય થાય તો વૃધ્ધે પોતાનો બોજો હળવો કરી ધર્મ-ધ્યાનમાં રક્ત બનવું એ નીતિકારોએ બાંધેલી મર્યાદા પણ ખરી. સ્થૂલભદ્ર વેસ્યાગૃહે ન વસતો હોત તો જરૂર મંત્રીશ્વરે એ પગલું ભર્યું પણ હોત. એક રીતે જોઇએ તો એવું જ બન્યું છે. મને તો એ પાછળ મરણ પામનાર મંત્રીશ્વરની જ કરામત જણાય છે. શ્રીયકની પ્રજ્ઞા આવો ચમત્કાર ન દાખવી શકે. ઓછી જ વાત છૂપી રહેવાની છે. મારું અનુમાન ઠીક હોય તો ખુદ મંત્રીશ્વરે રાજાની અકૃપા જોઇ આ તાકડો રચ્યો છે અને પોતાના ભોગે-જાતે મરણ વહોરીને કીર્તિ, કુટુંબ અને મિલ્કતનું રક્ષણ કર્યું છે એટલું જ નહિં પણ સંતાનોને સારુ ઉજ્વળ ભવિષ્ય કાયમ રાખ્યું છે."

સુબંધુ-રક્ષકજી, તમો પણ પાકા મુસદ્દી જણાવ છો. મંત્રીશ્વરના મિત્ર તો ખરા જ ને. અંકોડા મેળવતાં તમારી માનીનતા સદ્ધર દેખાય છે. જે હશે તે જણાઇ આવશે. જુઓ મારું ઘર તો આવ્યું. હું કપડાં બદલી આવ્યો જ સમજો. તમો જલ્દી કરજો. મંત્રીશ્વરનું રાજ તો ઘેર પહોંચી ગયું હશે એટલે ઝાઝો વિલંબ નહીં થાય. ( ચાલુ )

ચોકસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવહાર કૌશલ્ય

## ( ૧૩ )

**લાંબીમાં લાંબી રાતનું પ્રભાત જરૂર થાય છે,
પણ પ્રભાત થાય તે વખતે ઊંઘમાં પડી ન રહેતા.**

દિવસ પછી રાત આવે, તો રાત્રિ પછી દિવસ જરૂર આવે છે, સદાકાળ રાત ને રાત રહેતી નથી. ચોતરફ વાદળ ઘેરાયું હોય, ઘોર અંધારું હોય, દિશા પણ સૂઝતી ન હોય, નાસીને ક્યાં જવું તેનો માર્ગ પણ ન મળતો હોય–એ દશાનો પણ છેડો જરૂર આવે છે અને આવે છે ત્યારે વાદળાં વિખરાઇ જાય છે, અજવાળું ઝોકાર થઇ જાય છે અને અનેક રસ્તા સૂઝે છે. વિરહી સ્ત્રીને દિવસો, માસો કે વર્ષોને અંતે પતિનો મેળાપ થાય છે, ગયેલ પૂંજી પુનઃ પ્રાપ્ત થાય છે, ત્રુટેલ મૈત્રી ફરીવાર સંધાય છે અને હારેલી બાજી આખરે જીતી શકાય છે. જેમ એક સરખું સુખ ચાલ્યા કરે તેમાં મજા આવતી નથી, તેમ જ એક સરખું દુઃખ ચાલુ રહેતું નથી. કોઇ દિવસે એનો પણ છેડો જરૂર આવે છે અને આવે છે ત્યારે દુઃખ વિસારે પડે છે. પક્ષી રાત્રે રડે છે, ચાતક રાત્રે વિરહની બૂમો પાડ્યા કરે છે એને પણ અન્યોક્તિમાં કહ્યું છે કે 'રાત જશે અને સુપ્રભાત થશે' અને વિરહકાળ પૂરો થશે.

આવી રીતે એક વખતે દિશા સૂઝતી ન હોય ત્યાં રસ્તા જડી આવે છે અને સર્વકાળ આપત્તિ અને ગૂંચવણો ચાલુ રહેતા નથી. આપત્તિ આવે ત્યારે મૂંઝાઇ ન જવું, ગભરાટમાં ન પડી જવું, શોક સંતાપ કે કકળાટ કરવાની ટેવ ન પાડવી. 'એ દિવસ પણ જશે' અને 'સારો દહાડો દેખશું' એ વાત મનમાં જરૂર માનવી અને માનીને હિંમત કદિ ન હારવી. પણ ઘણા મનુષ્યો અંત સુધી ખેંચે છે અને બે પાંચ દિવસમાં વિપત્તિની સાડસત્તી પૂરી થવાની હોય બે પહેલાં ન કરવાનું કરી બેસે છે અને હતાશ થઇ ભોં ભેગા થઇ જાય છે, વ્યાકુળ થઇ આપઘાત કરી બેસે છે અથવા હથિયાર હેઠાં નાખી દઇ નિરાશ થઇ જાય છે. એનાથી વધારે ખરાબ ચીજ એવી બને છે કે જ્યારે રાત્રિ પૂરી થવા આવે અને સુખનો સૂર્ય ઊગે ત્યારે ભાઇશ્રી ઊંઘતા હોય છે. એને સારા વખતને ઓળખવાનો કે મળતી નવીન તકોનો લાભ લેવાનો પ્રસંગ મળી શકતો નથી અને પરિણામે દુઃખમાં સબડ્યા કરે છે. આવતા દિવસને ઓળખવો અને એને મુખડેથી પકડી લેવો એમાં ખરી કુશળતા છે. જે રાત્રિ પછી આવેલા દિવસને બરાબર ઓળખે તે જીવન સફળ રીતે જીવી જાય છે અને રાત્રિને વિસરી પણ જાય છે. જીવન એ મોટો કોયડો છે, પણ તેને ઉકેલવામાં કુશળતાની જરૂર છે. જેમ અગવડ કે ત્રાસથી ગભરાવું ન ઘટે તેમ તેમાંથી બહાર નીકળવાના પ્રસંગને ઓળખી લઇ તેને અપનાવવા ઘટે. વિચારસરણી ઉન્નતભાવી રાખવી, 'સૌ સારું થશે' એમ માન્યા કરવું અને 'જે થાય છે તે સારા માટે છે' એવું માનસ રાખવું. આવા માનસને તક મળતાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ આખું ભાવી ફેરવી શકે છે, પણ પક્ષા પછી ઊભા થવાની તદબીર સમજવા યોગ્ય છે, જો પક્ષા પછી ગોટે ચઢી ગયા તો વાંસામાં વધારે પ્રહારો પડે છે અને પછી ઊંચા આવવું મુશ્કેલ થાય છે; માટે આવતા દિવસને ઓળખો અને જરા પણ ગાફેલ ન રહો. અંતે સર્વ સારાં વાનાં થશે એવી ધીરજ રાખો.

---

The longest night ends in dawn, but don't fall asleep just at day-break.

( ૧૪ )

**" જીવનની મોટામાં મોટી ચીજો સમજવામાં તદ્દન સાદી અને સહેલી હોય છે:**
**મૈત્રી, માયાળુપણું, પ્રતિષ્ઠા, સ્વદેશપ્રેમ, સહાનુભૂતિ—**
**બચ્ચાં પણ એ સમજે અને સ્વીકારે તેવી વાત છે,**
**જ્યારે પુખ્ત વયના માણસો એનું મૂલ્ય મૂલવતા નથી. "**

ઘણી વખત 'ચારિત્ર' 'સદ્વર્તન' ને 'સદ્ગુણો' એવા મોટા શબ્દો વાંચી સામાન્ય પ્રાકૃત જન મૂંઝવણમાં પડી જાય છે, પણ એમાંની લગભગ સર્વ વાતો તદ્દન સાદી, સમજણમાં ઊતરે તેવી, અને આપણા દરરોજના અનુભવનો વિષય જ હોય છે. એમાં તસ્દી પણ પડતી નથી અને એને અંગે મોટી યોજનાઓ પણ કરવી પડતી નથી. ગમે તે સ્થિતિનો માણસ એને જાણી માણી શકે છે. થોડા સાદા દાખલા લઇએ:—

આપણા સ્નેહી–દોસ્તદાર હોય તેને વફાદાર રહેવું, તેની પાસે સુખદુ:ખની વાત કરવી, તેની આફતમાં સહાય કરવી અને તેની મિત્રતા જાળવી રાખવી. આપણે જેના સંબંધમાં આવ્યા હોઇએ તેને મિઠાશથી બોલાવવા, તે ઘરે આવે તો તેનો સત્કાર કરવો, તે નોકર હોય તો તેના ઉપર રોફ ન કરવો, તે વડીલ હોય તો તેનો પડતો બોલ ઉપાડી લેવો, તે ઘરાક હોય તો તે આપણે ત્યાંથી ખરીદેલા માલમાં બે પૈસા પેદા કેમ કરે એવી બુદ્ધિ રાખવી, સમાજમાં આપણે સ્થાન મેળવ્યું હોય તેને ન શોભે એવું કામ ન કરવું, ચોરી, લબાડી કે દોંગાઈ ન કરવી, જૂઠું ન બોલવું, ચાડીચૂગલી ન કરવી, પારકી નિંદા ન કરવી, કોઇના ઉપર ખોટું દોષારોપણ ન કરવું અને એમ કરીને આપણી આબરૂ જાળવી રાખવી, હોય તેમાં વધારો કરવો અને કોઇપણ કામથી તેમાં ઘટાડો તો ન જ થાય તેની ચીવટ રાખવી. જે દેશના અન્નપાણીથી આપણે ઉછર્યા છીએ તેની તરફ વફાદાર રહેવું, એ દેશના ઉત્કર્ષમાં ભાગ લેવો, એના પુત્રોની પ્રગતિમાં મદદ કરવી અને એને અડીભડીનો પ્રસંગ આવે ત્યારે એના બચાવમાં ઊભું રહેવું અને પોતાની શક્તિ કે સગવડ પ્રમાણે એના ગૌરવમાં વધારો કરવો. દીન દુ:ખીને જોઇ એને મદદ કરવી, મદદ ન કરી શકાય તો તેને મીઠો શબ્દ કહેવો, તેને દિલાસો આપવો, વગેરે.

આવી આવી સાદી વાતો છે. આવી વાતો તો બચ્ચાં એટલે સરલ મનવાળા મનુષ્યો પણ સમજે અને બારીક નજરે જોઇએ તો એનામાં એ ગુણો હોય જ છે. પ્રૌઢ વયના કે જેઓ સંસારના કાવાદાવામાં રક્ત બનેલા છે તેવા માણસો ગોટા વાળે, પણ બચ્ચું તો આ સાદી વાત સ્વાભાવિક રીતે સમજે અને તે પ્રમાણે વર્તે. આ સર્વનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સુવર્ણ

૧૦૫ ઓછું ખાવાથી મરી જવાતું નથી, પરંતુ વધુ ખાવાથી તેવો સંભવ છે.

૧૦૬ તારની માફક અલ્પ અને જરૂરી શબ્દપ્રયોગ કરનાર ઘણી શક્તિ બચાવે છે.

૧૦૭ દ્વિમુખી જીવન આખરે પણ પ્રસિદ્ધ થયા વિના રહેતું નથી.

૧૦૮ છળ-કપટ સર્વદા ચાલી શક્તા નથી, અંતે જરૂર ઉઘાડા પડે છે.

૧૦૯ થોડા માણસોને થોડો સમય છેતરી શકાય છે; બધા માણસોને બધો વખત છેતરી શકાતા નથી.

૧૧૦ હિમ્મતથી અશક્ય જણાતું કાર્ય પણ શક્ય બને છે.

૧૧૧ નિરાશાવાદી પોતે ઠંડો બને છે અને અન્યને પણ ઠંડો બનાવી દે છે.

૧૧૨ કાજળની કોટડીમાંથી નિર્લેપ રહીને કોઇક જ નીકળે છે.

૧૧૩ જાહેરમાં ભૂલનો એકરાર કરવામાં મહાશક્તિ જોઇએ છે.

૧૧૪ કહેણી સાકર જેવી મીઠી છે પણ તદનુસાર રહેણી મુશ્કેલ છે.

૧૧૫ કર્મના પ્રાબલ્યથી આ જગવ્યવહાર ચાલે છે.

૧૧૬ છૂટાય તેમ ન હોય ત્યાં હસતા હસતા જાઓ.

૧૧૭ જેનામાં સાચી અહિંસા પ્રતિષ્ઠિત થાય તેની પાસે જન્મવૈરી પ્રાણીઓ પણ વૈરભાવ તજે છે. ૧૧૮ એકલા વાચનથી સર્વ કાંઈ શીખી શકાતું નથી, અનુભવની જરૂર છે.

૧૧૯ અનુભવની શાળાનું શિક્ષણ કદી ભૂલાતું નથી.

૧૨૦ ગુરુગમથી જે પ્રાપ્ત થાય છે તે મજીઠના રંગ જેવું નિશ્ચળ હોય છે.

૧૨૧ સેવા ધર્મ અતિ ગહન છે, એમ પંડિતો કહે છે.

૧૨૨ યોગ( મન-વચન-કાયા )નું એકીકરણ કરે તે યોગી.

૧૨૩ બાળકો પાસે હાસ્ય-વિનોદથી કામ લઇ શકાય છે, બળજબરીથી નહિ.

૧૨૪ રક્ષક જ્યારે ભક્ષક બને ત્યારે એ ફરિયાદ કયાં કરવી ?

૧૨૫ સત્તાની ખુમારીમાં ન લેપાય તે વંદનપાત્ર છે.

---

સરવાળો કરીએ તો ' ચારિત્રવાન ' કહેવાઇએ. એટલે આ નાની લાગતી બાબતો ખરેખર મોટી છે અને તેટલું કરીએ તો એકંદરે બસ છે. ગુણવાન થવામાં મહેનત નથી, તકલીફ નથી, મૂંઝવણ નથી. રસ્તો સીધો છે, માર્ગ સરળ છે અને ચીવટથી પ્રાપ્ત થાય તેવો સાદો સીધો અને પાંસરો છે. કુશળ માણસ તો આવી સીધી સટ્ટ વાત તુરત સમજી જાય.

**મૌક્તિક**

---

The greatest things in life are the simplest and easiest to comprehend. Friendship, kindness, honour, patriotism, sympathy-even children understand and respond to such qualities which grown-ups often fail to appreciate.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨૬ રાહુ કેતુ સદૈવ અવળા ચાલે છે. મીનમાંથી મેષમાં જવાને બદલે તે કુંભમાં આવશે. એ રીતે દુર્જનો પણ પ્રાયે અવળી ચાલવાળા હોય છે.

૧૨૭ સૂર્ય-ચન્દ્ર સિવાયના પાંચ ગ્રહો વક્રી થયેથી વક્ર ગતિવાળા બને છે. મધ્યમ પ્રકૃતિના મનુષ્યો પણ કારણ યોગે વક્ર બને ત્યારે જ અવળી ગતિને ધારણ કરે છે અને તે નિમિત્ત પૂર્ણ થયે પુનઃ માર્ગી બની સીધા ચાલે છે.

૧૨૮ સૂર્ય-ચન્દ્ર સમાન ઉપકારી મહાત્મનો કદી વક્ર બનતા નથી. દુર્જનોરૂપ રાહુ-કેતુથી ગ્રસાવા છતાં તેઓ ઉત્તમ સ્વ-સ્વભાવને છોડતા નથી.

૧૨૯ આપણી આસપાસ પ્રદક્ષિણા દઇ, આપણે કઇ કક્ષામાં છીએ તે તપાસવા જેવું છે.

૧૩૦ સત્યને કદી ભય પામવાપણું નથી, તે સદૈવ નિર્ભય છે.

૧૩૧ હૃદયની નબળાઈ કે મક્કમતા મુખ પર અંકિત થઇ જાય છે.

૧૩૨ સ્ત્રીના સૌંદર્યે ઇતિહાસ પલટી નાખ્યા છે.

૧૩૩ ધન, જમીન, સ્ત્રી અને વૈરવૃત્તિ આ ચાર નિમિત્તોથી કલહ-કંકાસ તથા મહાયુદ્ધો જન્મે છે.

૧૩૪ ધનની ત્રણ જ ગતિ કહી છે: દાન, ભોગ, નાશ. પ્રથમના બેમાં ન વપરાય તો નાશ અવશ્યભાવી છે.

૧૩૫ અપાત્રે પડેલી વિદ્યા ઘણીવાર અનર્થ ઉપજાવે છે.

૧૩૬ સેંકડો વખત ધોવામાં આવે તો પણ કોલસા શ્યામ જ રહે છે.

૧૩૭ વૈરથી વૈરની વૃદ્ધિ થાય છે, પ્રેમથી વૈર શાંત થાય છે.

૧૩૮ સંગીત જેના હૃદયને ન સ્પર્શી શકે તે જડભરત અથવા પત્થર જેવો જાણવો.

૧૩૯ યુવતી સ્ત્રીના નેત્રબાણોથી જેનું હૃદય ન વીંધાય તે મનુષ્ય કોઇપણ વેશમાં યોગી સમજવો.

૧૪૦ માત્ર વેશપૂજા કરતાં ગુણપૂજા તારનાર છે.

૧૪૧ જ્યોતિષ કુંડલીમાં પહેલું સ્થાન તનનું અને દ્વિતીય ધનનું છે વ્યવહારમાં પણ નિરોગી શરીર હોય તો સર્વ કાંઇ છે અને તેની પછી ધનની જ મુખ્યતા દેખાય છે.

રાજપાળ મગનલાલ વ્હોરા

## મોક્ષ-પ્રાપ્તિ

**इच्छाद्वेषविहीनेन, सर्वत्र समचेतसा ।**
**भगवद्भक्तियुक्तेन, प्राप्ता भागवती गतिम् ॥**

ઇચ્છા અને દ્વેષ વગર, સર્વ ઠેકાણે ( સર્વ જીવો પર ) સમદષ્ટિથી જોનાર પ્રાણીઓ ભગવાન પ્રત્યેની ભક્તિથી સંસારમુક્ત થઇને ભાગવતી ગતિને પામ્યા છે અર્થાત્ મોક્ષસ્થાનને પ્રાપ્ત થયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેવદર્શનનો મહિમા

"સ્વામી દર્શન સમો નિમિત્ત લહી નિર્મલો, જો ઉપાદાન એ શુચિ ન થાશે;
દોષ કો વસ્તુનો? અહવા ઉદ્યમતણો, સ્વામી સેવા સહી નિકટ લાશે."
તાર હો તાર પ્રભુ!

શ્રી દેવચન્દ્રજી મહારાજ ઉક્ત પંક્તિઓમાં દેવદર્શનનો ઉદ્દેશ કિંચિત સ્પષ્ટ કરતાં કહે છે કે-જો પ્રભુના દર્શનથી તમારો આત્મા શુચિ-પવિત્ર ન થાય તો પછી એ દોષ બીજા કોઇનો નહીં પણ તમારો પોતાનો જ છે. બીજા શબ્દોમાં કહીએ તો તમારા પુરુષાર્થની ખામી જ તમને પ્રભુ પાસે પહોંચાડી શકતી નથી. દર્શનનો ઉદ્દેશ તથા પુરુષાર્થની આવશ્યકતા સમજાવ્યા પછી તેઓશ્રી પોતે જ દેવદર્શનનું માહાત્મ્ય દર્શાવતાં સુમધુર સ્વરોમાં ઉપદેશે છે કે-

"સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે, દર્શન શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી, કર્મ જીપી વસે મુક્તિ ધામે."
તાર હો તાર પ્રભુ!

સ્વામી-પ્રભુ-સદ્દેવના ગુણોનો પરિચય પ્રાપ્ત કરી જે ભવ્યાત્માઓ તેમની અંતઃકરણના ઉલ્લાસથી પૂજા-ભક્તિ કરે તેઓ સમકિતની શુદ્ધતા પામ્યા વગર રહે નહીં એટલું જ નહી પણ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરી ચારિત્ર, તપ અને વીર્યના સ્ફુરણદ્વારા સંપૂર્ણ કર્મોને પરાસ્ત કરી, મુક્તિધામ હસ્તગત કરે છે. તપસ્વીઓની આજન્મ તપસ્યાનું અંતિમ ફલ મુક્તિ છે, મુનિઓના અવિચ્છિન્ન સંયમનું અદ્વિતીય લક્ષ મુક્તિ છે, યોગીઓની જન્મ જન્માંતરની સાધનાનું દૃષ્ટિબિન્દુ મુક્તિ છે. જો એક માત્ર દેવદર્શનથી જ મોક્ષ પ્રાપ્ત થઇ જતું હોય કિંવા શ્રી વીતરાગ દેવના દર્શન માત્ર વડે જો સહેજે મુક્તિપુરીનું રાજ્ય હસ્તગત થઇ જતું હોય તો પછી એવો કયો હીણભાગી હોઇ શકે કે જેની દેવદર્શનમાં પ્રવૃત્તિ ન થાય? આપણે સૌ કોઇ યથાશક્તિ દેવદર્શન અર્થે ઉદ્યમ સેવીએ છીએ, એની કોઇથી ના કહી શકાય તેમ નથી, પરંતુ શ્રી દેવચન્દ્રજી મહારાજે કહ્યું તેમ પુરુષાર્થની ખામીને લીધે પ્રભુદર્શનનું પવિત્ર નિમિત્ત મળવા છતાં આત્મશુદ્ધિરૂપ ફલ પ્રાપ્ત થઇ શકતું નથી. ત્યારે હવે મુખ્ય પ્રશ્ન એ ઉદ્ભવે છે કે આપણામાં એવી તે કઇ પુરુષાર્થની ખામી છે કે જેને લીધે આપણને સંપૂર્ણ અને સુન્દર ફલ પ્રાપ્ત થઇ શકતું નથી? શું આપણે સ્તોત્રો લલકારવામાં કંજુસાઇ વાપરીએ છીએ? શું આપણે મસ્તક નમાવવામાં પ્રમાદ સેવીએ છીએ? શું આપણે પૂજાના દ્રવ્યોનો સંચય કરવામાં બેદરકારી રાખીએ છીએ? આવા આવા અનેક પ્રશ્નોના જવાબની મીમાંસામાં ઉતરવા કરતા માત્ર એટલું જ કહેવું બસ થઇ પડશે કે-પૂર્વાચાર્યોએ પરમ કરુણાની દૃષ્ટિએ જે દર્શન વિધિ અથવા પૂજાની પદ્ધતિઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શાવી છે તે નહીં સમજી શકવાને લીધે કિંવા તેનો આદર નહીં કરવાને લીધે પૂજાનું અંતિમ ફલ આપણને પ્રાપ્ત થઇ શકતું નથી. વિધિપુર:સર ન પ્રવર્તવું, તેમજ પ્રભુપૂજાનું યથાર્થ સ્વરૂપ ન સમજવું, એ પણ પુરુષાર્થની ખામી છે.

વર્ષો અને સૈકાઓ થયા આપણા પૂજ્યપાદ પરમોપકારી પૂર્વાચાર્યો આપણને ગુણો ઓલખાવવાને તથા એ ગુણો તરફ આપણી નિર્મલ દષ્ટિ આકર્ષવાને પ્રયત્ન કરતા આવ્યા છે. એક માત્ર સદ્દેવ, સદ્ધર્મ અને સદ્ગુરુની પીછાન-ઓળખાણ થાય એટલા માટે ભંડારોના ભંડારો ભરાય તેટલા ગ્રન્થો આપણા માટે મૂકતા ગયા છે. પ્રભુ પ્રત્યે આદરબુદ્ધિ ઉત્પન્ન થાય અને તે દ્વારા આત્માના ગુણો પ્રકાશિત થાય તે માટે ભાવ અને રસથી પરિપૂર્ણ એવા સેંકડો અને સહસ્રો સ્તવનો કેવલ માત્ર જનહિતાર્થે રચતા ગયા છે. પ્રભુના દર્શન પામી દર્શન કરનાર આત્મા વિશુદ્ધ થાય છે. તેઓ હેતુથી ગંભીર રહસ્યવાળી વિધિઓ પણ દર્શાવતા ગયા છે. આટલું આટલું કર્યાં છતાં હજી આપણને પ્રભુની ખરી પિછાન થઈ નથી તેનું શું કારણ ? આપણા અનેક જૈન બન્ધુઓ હૃદયમાં સાચા ભાવથી નિત્ય દેરાસરમાં જાય છે ત્યાં યથાશક્તિ વિધિ પ્રમાણે દ્રવ્ય પૂજા તથા ભાવ પૂજા કરે છે, સ્તવનો તથા સ્તુતિઓ પણ મધુર કંઠે આલાપે છે, સ્વસ્તિક વિગેરેની ક્રિયા કરી ભવભયથી મુક્ત થવાની ભાવના ભાવે છે, છતાં તેનો ધારેલા પ્રમાણમાં તેમને લાભ નથી મળતો તેનું શું કારણ ? એ જ કે આપણી ખરી ક્રિયાઓને અથવા વિધિઓને આપણે યથાર્થ ભાવે સમજવાનો પ્રયત્ન કરતા નથી અર્થાત્ પ્રત્યેક ધાર્મિક ક્રિયામાં જે ગંભીર હેતુ તથા રહસ્ય રહેલ હોય છે તે સમજવાનો પ્રયત્ન થતો નથી અને તેથી જે વિધિ ક્રમે ક્રમે મોક્ષધામમાં લઇ જવાને સમર્થ હોય. છે તે માત્ર અમુક સીમા પર્યંત જ ફલ પ્રગટાવી બેસી રહે છે.

આ સ્તવન શ્રી દેવચંદ્રજી મહારાજે રચેલી ચોવીશીમાં છેલ્લું ચોવીશમા તીર્થંકર શ્રી વીર ભગવંતનું છે. તેમાં આ ઉપરાંત પણ અનેક વિષયોની સમજણ આપવામાં આવી છે, તેથી તે ખાસ કંઠે કરવા લાયક છે. તે સ્તવનમાં પરમાત્માને ખાસ પ્રાર્થના કરવામાં આવી છે કે-હે પ્રભુ ! હું તો અનેક અવગુણોથી ભરેલો છું પણ આપ તો કૃપાના સાગર છો તેથી મને તારીને આપે આપનું 'તારક'-પણાનું બિરુદ સિદ્ધ કરવા જેવું છે.

કહ્યું છે કે:—

दर्शनं देवदेवस्य, दर्शनं पापनाशनम् ।
दर्शनं स्वर्गसोपानम्, दर्शनं मोक्षसाधनम् ॥

મુનિશ્રી વિદ્યાનંદવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ–પાલીતાણા

## સં. ૨૦૦૦ ના વૈશાખ-જેઠ–અશાડની પત્રિકા

**ધાર્મિક પ્રવૃત્તિઓ:**—નિયમાનુસાર સામાયિક, આઠમ ચૌદશ પ્રતિક્રમણ, અશાડ શુદ ૧૪ નું ચોમાસી પ્રતિક્રમણું, મુનિવંદન વિગેરે પ્રવૃત્તિઓ થઇ હતી. વૈશાખ શુદ ૩( અક્ષયત્રીજ )ના દિવસે વરસીતપના તપસ્વીઓના દર્શને સૌ સાથે ગયા હતા, તથા વૈશાખ વદિ છઠ્ઠે શ્રી સિદ્ધાચલ મૂળનાયકજીની વરસગાંઠના દિવસે સૌ યાત્રા કરવા ગયા હતા. તેવી જ રીતે અશાડ શુદ ૧૪ ની સૌએ યાત્રા કરી હતી.

| મદદ:— | વૈશાખ | જેઠ | અશાડ |
|---|---|---|---|
| શ્રી જનરલ નિર્વાહ ફંડ | ૫૪૮–૦–૦ | ૧૨૪–૦–૦ | ૧૫૧–૦–૦ |
| શ્રી ભોજન ફંડ | ૫૬૫-૧૦-૦ | ૩૮–૦–૦ | ૩૬૦-૧૨-૦ |
| શ્રી કેલવણી ફંડ | ૧૪–૪–૦ | ૧૨૫–૦–૦ | ૩–૦–૦ |
| શ્રી ડેડસ્ટોક ફંડ | ૩૫૧–૦–૦ | — | — |
| સ્વા૦ ટ્રસ્ટફંડ તિથિ ખાતે | ૩૨૬૧–૦–૦ | — | ૨૫૧–૦–૦ |
| શ્રી દૂધ ફંડની તિથિ | ૧૦૧–૦–૦ | — | ૫૦૫–૦–૦ |
| શ્રી આંગી ફંડની તિથિ | ૪૦૪–૦–૦ | — | ૧૦૧–૦–૦ |
| શ્રી મકાન ફંડ ખાતે | — | ૨૫૧–૦–૦ | — |
| શ્રી દેરાસર ખાતે | ૭૦–૦–૦ | ૦–૦–૦ | ૪–૪–૦ |

**ભેટ:**—શેઠ કપુરચંદજી ગામ સીયાણા લાડવા મ. ૧ા. શેઠ ચીનુભાઇ લાલભાઇ અમદાવાદ કેરી મણ ૧ા. શેઠ રતિલાલ નથુભાઇ, ગાદલા માટેના તૈયાર કવર ૫૨. શેઠ જગાભાઇ ભોગીલાલ અમદાવાદ જ. સિ. દેગડો ૧. શાહ હીરાલાલ મણિલાલ વલાદવાળા અમદાવાદ કટાસણા ૫૦. શેઠ બચુભાઇ નથુભાઇ અમદાવાદ, ઇલેકટ્રીકને લગતો સામાન. શેઠ મણીલાલ વાડીલાલ નાણાવટી મુંબઇ. ફોરમ, કુમાર તથા ઇન્ડસ્ટ્રી માસિકના અંકો.

**જમણવાર:—**

| | |
|---|---|
| ૧. શેઠ જમનાભાઇ ભગુભાઇ હા. મણિબેન | અમદાવાદ. |
| ૨. શેઠ ચીનુભાઇ લાલભાઇ | અમદાવાદ. |
| ૩. શેઠ જેઠાભાઇ ધરમશી | પોરબંદર. |
| ૪. શેઠ જીવણચંદ પાનાચંદ | મુંબઇ. |
| ૫. શેઠ ભાઇચંદ કાળાના પત્ની ઉજમબેન | મોટા સુરકા. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬. શ્રી મદ્રાસના નવા જિનમંદિર પંચ મદ્રાસ.
૭. શેઠ સકરચંદ મોતીલાલ મુંબઇ.

**મુલાકાતઃ**—શેઠ વિમળશાહ બબાભાઈ અમદાવાદ. શેઠ ભાઈચંદભાઇ નગીનભાઇ ઝવેરી મુંબઈ. શેઠ ત્રિભુવનદાસ મોહનલાલ અંગુઠણ. મણિલાલ વનમાળી શેઠ સાવરકુંડલા. શેઠ વાડીલાલ મૂળચંદ અમદાવાદ. શેઠ સુરેન્દ્રભાઇ લાલભાઇ અમદાવાદ. ગાંધી વસંતલાલ વ્રજલાલ મુંબઇ. શેઠ પાનાચંદ જીણાભાઇ સુરત. શેઠ કલ્યાણચંદ દેવચંદ સુરત. વોરા મોહનલાલ ધનજીભાઈ રાજકોટ. શેઠ વાડીલાલ છોટાલાલ વીસનગર. શેઠ નાનચંદ ખોડીદાસ ભાવનગર. મણીબેન દલપતરામ પ્રેમચંદ અમદાવાદ. ગાંધી પ્રાણજીવન હરગોવિંદ મુંબઇ. શાહ પોપટલાલ રામચંદ પુના. શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીયા ભાવનગર.

**ખાસ મુલાકાતઃ**—સંસ્થાના માનદ મંત્રી શ્રીયુત્ ચીનુભાઇ લાલભાઇ શેઠ સંસ્થાની મુલાકાતે પધાર્યા હતા. તે દરમિયાન દરેક બાબતો ઝીણવટથી તપાસી જરૂરી સૂચનાઓ કરી હતી.

**નવા વિદ્યાર્થીઓઃ**—દાખલ થવા માટે આવેલી લગભગ બસો અરજીઓ પૈકીની ખાલી જગ્યા મુજબ ત્રીશ અરજીઓ મંજૂર કરી હતી. હાલ ૧૧૦ વિદ્યાર્થીઓ સંસ્થામાં ચાલુ છે.

**મેટ્રિકનું પરિણામઃ**—આ વર્ષે ત્રણ વિદ્યાર્થીઓ એપીયર થયા હતા. ત્રણે પાસ થયા છે.

**દેશી નામાનો વર્ગઃ**—આ વર્ષથી દેશી નામાનો વર્ગ ખોલી આ જાતનું શિક્ષણ આપવાનો પ્રબંધ કર્યો છે.

**સ્થાનિક કમીટીની મીટીંગઃ**—મુંબઇથી માનદ મંત્રી શ્રી ચીનુભાઇ લાલભાઇ શેઠ અત્રે આવતાં ભાવનગરથી શ્રીયુત ચુનીલાલ દુર્લભદાસ પારેખ તથા શ્રીયુત અમરચંદ કુંવરજી શાહને બોલાવ્યા હતા. તેમણે સંસ્થાનું નિરીક્ષણ કરવા સાથે જરૂરી પ્રશ્નોની છણાવટ કરી હતી.

પર્યુષણ પર્વ નજીક આવે છે! સુપાત્રદાન કરવાની ભાવનાવાળાઓએ બાલાશ્રમને જરૂર યાદ કરવું જોઇએ. સ્વામિવાત્સલ્ય ટ્રસ્ટ ફંડ ખાતે હજુ છ માસની તિથિઓ ખાલી છે. જૈન સમાજની આ સંસ્થા જૈન સમાજ સામે જ મીટ માંડી રહેલ છે. પર્યુષણમાં થતી ટીપમાં બાલાશ્રમને જરૂર સંભારશોજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શેઠ દામોદરદાસ ત્રિભુવનદાસનું ખેદકારક પંચત્વ.

ભાઇ દામોદરદાસ ભાવનગરના સુપ્રસિદ્ધ શેઠ ત્રિભુવનદાસ ભાણજીના સુપુત્ર હતા. શેઠ ત્રિભુવનદાસ ભાણજી અને શેઠ નરોત્તમદાસ ભાણજીની ખ્યાતિથી જૈન સમાજ અપરિચિત નથી. ભાઇ દામોદરદાસે મુંબઇખાતે પોતાના વ્યવસાયમાં તેમજ સ્નેહીજનોમાં સારી નામના પ્રાપ્ત કરી હતી.

તેઓનો જન્મ સં. ૧૯૫૧ ના કાર્તિક શુદિ ૧૧ ના રોજ થયો હતો અને સં. ૨૦૦૦ ના અશાડ વદિ ૧૩ ને મંગળવારના રોજ ઓગણપચાસ વર્ષની યુવાન વયે શાંતાક્રૂઝ ખાતે પંચત્વ પામ્યા છે.

સદ્‌ગત શાંત સ્વભાવના અને હસમુખા હતા. ગરીબો પ્રત્યેની તેમની અનુકંપા જાણીતી હતી. ચાલુ યુદ્ધકાળમાં ગરીબોને રાહત મળે તે માટે સસ્તા અનાજની દુકાન બે વર્ષ સુધી ભાવનગરમાં ચલાવી હતી. કેળવણી પ્રત્યે તેમને સારો પ્રેમ હતો. શેઠ ત્રિભુવનદાસ ભાણજી કન્યાશાળાને વધુ સુદૃઢ બનાવવા અને અંગ્રેજી વર્ગો ચાલુ કરવા હાલમાં જ રૂા. પંદર હજારની મદદ કરી હતી. આ ઉપરાંત શાંતાક્રૂઝખાતે છોકરાઓની નિશાળ તેમજ કન્યાશાળામાં પણ સારી રકમની સહાય કરી છે. તેમની ગુપ્ત દાન કરવાની પદ્ધતિ પ્રશંસનીય હતી. તેમના જેવા સજ્જન ગૃહસ્થના અભાવથી ભાવનગર જૈન સંઘને તેમજ જૈન સમાજને લાયક વ્યક્તિની ખામી પડી છે.

તેઓ સભાના કાર્યથી રંજિત થઇ આજીવન સભ્ય બન્યા હતા. અમે સદ્‌ગતના આત્માની શાંતિ ઇચ્છી કુટુંબીજનોને તથા આપ્તવર્ગને દિલાસો આપીએ છીએ.

## શ્રી ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ ભાષાંતર

### પુસ્તક વિભાગ ૧-૨ ( સંપૂર્ણ )

પ્રાતઃસ્મરણીય મહાન સીત્તેર પ્રભાવિક પુરુષોના ચરિત્રોવાળું આ પુસ્તક અવશ્ય વાંચવા યોગ્ય છે. લગભગ ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂા. ત્રણ, પોસ્ટેજ જુદું.

## દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્ર

હાલમાં કાગળની મોંઘવારીને અંગે આપણા ધાર્મિક પાઠ્ય પુસ્તકોની ખેંચ પડી છે. આ માગણીને પહોંચી વળવા અમોએ પાંચમી આવૃત્તિ છપાવી હતી, પરન્તુ તે પણ ટૂંક મુદતમાં ખલાસ થઇ જવાથી હાલમાં જ છઠ્ઠી આવૃત્તિ બહાર પાડી છે. વિશેષ વખત સીલીક રહેવાનો સંભવ નથી, માટે જે પાઠશાળાઓને જોઇતી હોય તેમણે તાત્કાલિક મગાવી લેવી. પર્યુષણ જેવા પવિત્ર પ્રસંગોમાં વિદ્યાર્થીઓને ખાસ પ્રભાવના કરવા યોગ્ય છે. પ્રચારના હેતુને અંગે કિંમત નજીવી જ રાખવામાં આવી છે. મૂલ્ય પાંચ આના, પોસ્ટેજ અલગ.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## બુકો વેચાણ મગાવનારને સૂચના

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રનો સેટ, શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતરનો સેટ તથા શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનો સેટ મગાવનારને જણાવવાનું કે–સેટની જે કિંમત ઓછી લેવામાં આવતી હતી તે હવેથી બુકોમાં જણાવ્યા પ્રમાણે પૂરી લેવામાં આવશે.

## શ્રી વૈરાગ્યકલ્પલતા ગ્રંથ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત આ પદ્યબંધ ગ્રંથ અમદાવાદનિવાસી પંડિત ભગવાનદાસ હરખચંદ તરફથી હાલમાં બહાર પડેલ છે. ગ્રંથ ઉપમિતિ ભવપ્રપંચા કથાનું સ્મરણ કરાવે તેવો તે જ સ્વરૂપમાં બનાવેલો છે. અત્યુત્તમ ગ્રંથ છે. શ્લોકસંખ્યા સાત હજાર છે. કિંમત રૂ. સાત રાખેલ છે. તે અમારે ત્યાંથી પણ મળશે. જરૂર મંગાવો ને લાભ લ્યો.

## શ્રી ગુણવર્મા ચરિત્ર ભાષાંતર

મૂળ સંસ્કૃત ઉપરથી પંડિત પાસે શુદ્ધ ગુજરાતીમાં ભાષાંતર કરાવીને પં. શ્રી વીરવિજયજીના ઉપાશ્રય તરફથી હાલમાં પ્રગટ કરવામાં આવેલ છે. કિંમત આઠ આના. ખાસ વાંચવા લાયક છે. પોસ્ટેજ બે આના. જરૂર મંગાવો. અમારે ત્યાંથી મળી શકશે.

સત્તર ભેદી પૂજા કરનારની ૧૭ કથાઓ આમાં છે.

## શ્રી નવપદજીની પૂજા–સાર્થ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી આદિ કૃત આ શ્રી નવપદજીની પૂજા ઘણી જ પ્રચલિત છે. આયંબિલની ઓળી કરનાર માટે દરેક પદના ગુણો, વિધિ તથા ચૈત્યવંદન–સ્તવનાદિ વિસ્તારથી આપવામાં આવ્યા છે. હાલમાં તેની ત્રીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે. જરૂર મગાવો ને લાભ લ્યો. કિંમત ચાર આના. પોસ્ટેજ એક આનો.

## पंच प्रतिक्रमण सूत्र–मूळ. शास्त्री

મૂળ સુંદર ટાઇપમાં છપાવેલ આ બુકમાં પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ, છંદ તથા વિધિઓ વિગેરેનો સમાવેશ કરેલ છે. વિદ્યાર્થીઓને ખાસ અભ્યાસ કરવા યોગ્ય છે. કાગળની અતિશય મોંઘવારી છતાં જ્ઞાન–પ્રચારનો હેતુ જાળવવા માટે અમે કિંમત વધારી નથી. છૂટક નકલના આઠ આના. સો નકલના રૂ. ૪૫). પોસ્ટેજ ત્રણ આના.

## સ્નાત્ર સંગ્રહ અને અષ્ટપ્રકારી પૂજા

આ બુક હાલમાં જ અમે છપાવી છે. તેમાં શ્રી દેવચંદ્રજી તથા પં. વીરવિજયજીના સ્નાત્ર ઉપરાંત પૂર્વાચાર્યકૃત સ્નાત્ર જે હાલમાં પ્રચારમાં નથી તે દાખલ કર્યું છે. તેમાં શ્રી ઋષભદેવનો ને પાર્શ્વનાથનો એમ બે કળશ છે. જેને પાંચ સ્નાત્ર ભણાવવા હોય તેને માટે શાંતિનાથજીનો કળશ પણ આ બુકમાં દાખલ કર્યો છે. ત્યારપછી શ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારી પૂજા દાખલ કરી છે તે અષ્ટપ્રકારી પૂજા કરતાં દરેક પૂજાના પ્રારંભમાં બોલવા લાયક છે. તેમાં તે પૂજા સંબંધી જ વર્ણન છે. ખાસ કંઠે કરવા લાયક છે. કિંમત ત્રણ આના રાખવામાં આવી છે. પોસ્ટેજ પોણો આનો. ખાસ મંગાવો.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર

For Private And Personal Use Only